2025-26

RCCI - 2ND EDITION OF 2025

# E-BULLETIN



Since 1954

## RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY


:: Registered Office ::

Centre Point, 1st Floor, Karansinhji Road, Rajkot-360001

Phone : 0281-2227400, 2227500 | Fax : 0281-2230824 | M : 73831 27400

E-mail : rajkotchamber@yahoo.co.in | Web : www.rajkotchamber.com

# Office Bearers



**V. P. Vaishnav**
President



**Parth P. Ganatra**
Vice President



**Nautam B. Barasiya**
Hon. Secretary



**Utsav K. Doshi**
Hon. Jt. Secretary



**Vinod L. Kachhadia**
Treasurer

# Executive Committee Members



Achyut P. Jasani



Anil L. Vanpariya



Ashok V. Viradia



Brijen B. Kotak



Dipak J. Pobaru



Gaurang R. Thakker



Kalpesh P. Dobariya



Kumanlal B. Varsani



Kushal N. Popat



Manoj A. Unadkat

# Executive Committee Members



Narendrasinh K. Jadeja



Nilesh S. Bhalani



Pranav C. Bhalara



Rajesh N. Junja



Samir V. Vekariya



Satyen M. Patel



Siddharth R. Pobaru



Pankaj G. Dhamsania
Co-opt Member



Kishor J. Vaghasiya
Co-opt Member



Naresh G. Sheth
Co-opt Member

# પ્રમુખશ્રીની કલમે



**સ્નેહી સભ્યશ્રીઓ,**

આ નવા વર્ષમાં વેપાર–ધંધામાં ઉતરોતર પ્રગતિ થાય તેમજ આપને અને આપના પરિવારને સુખ, શાંતિ, સમૃદ્ધિ, ઐશ્વર્ય અને તંદુરસ્તી આપે એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના......

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વેપાર–ઉદ્યોગ–વ્યવસાય ક્ષેત્રમાં કાર્યરત વ્યકિત, પેઢી, કંપની અને એસોસીએશનોના સમુહનું પ્રતિનિધિત્વ કરતી વરિષ્ઠ મહાજન સંસ્થા હોવાથી વેપાર–ઉદ્યોગની અપેક્ષા પણ તેની પાસે વધુ હોય તે સ્વાભાવિક છે અને અમો પણ વેપાર–ઉદ્યોગની અપેક્ષા પરિપૂર્ણ કરવા હંમેશા સક્રિય રહીએ છીએ. હોદેદારો, કારોબારી સમિતિ તો ફકત સંસ્થાની કાર્યકારી વ્યવસ્થા હોય છે. સભ્યશ્રીઓ જેટલા જાગૃત અને સહયોગી બને તેટલી જ સંસ્થાની પ્રવૃતિઓને વેગ મળી શકે. આ માટે રાજકોટ ચેમ્બરની પ્રવૃતિમાં વધુને વધુ જોડાવા સૌ સભ્યોને અનુરોધ કરીએ છીએ અને રાજકોટ ચેમ્બરની પ્રવૃતિનો બુલેટીનનો આ અંક આપ સમક્ષ પ્રસ્તુત કરીએ છીએ.

ફરી હાર્દિક શુભેચ્છા સહ,

આપનો સ્નેહાધિન,

**વી. પી. વૈષ્ણવ**
પ્રમુખ

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે કસ્ટમ કલીયરન્સ અને ઈમિગ્રેશનનું સેટઅપ તાત્કાલીક શરૂ કરવા અને પ્રાથમીક સુવિધાઓ ફાળવવા અંગે કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી...

રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય તેમજ આશરે ૨૫ લાખથી વધુ વસ્તી ધરાવતું શહેર છે. તેમજ ઈન્ડસ્ટ્રીયલ હબ તરીકે પણ ગણવામાં આવે છે ત્યારે રાજકોટ તથા તેની આસપાસ આશરે બે લાખથી વધુ MSME એકમો આવેલા હોય આયાત–નિકાસ પણ દિન પ્રતિદીન વધી રહયું હોવાથી વિદેશી મુલાકાતીઓ પણ આવતા હોય છે. ત્યારે રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે નિયમોનુસાર જરૂરી સુવિધાઓ તથા ઈન્ફસ્ટ્રકચર ડેવલોપ કરવા ખુબ જરૂરી છે. ઈન્ટરનેશનલ ફલાઈટના ટર્મીનલની કામગીરી પુર્ણ થવામાં છે પરંતુ કસ્ટમ કલીયરન્સ અને ઈમિગ્રેશન સેટઅપના અભાવના કારણે એક પણ ઈન્ટરનેશનલ ફલાઈટ ઉડાન ભરી શકતી નથી. જેના કારણે મુસાફરોને વાયા અમદાવાદ આવવાનો સહારો લેવો પડે છે જે સમય તેમજ નાણાંકીય નુકશાનકારક અને વિલંબીત સાબીત થઈ રહયું છે.

વધુમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી જયારે ગુજરાત રાજયના મુખ્યમંત્રી તરીકે કાર્યરત હતા ત્યારે "વાઈબ્રન્ટ ગુજરાત સમીટ" ની વર્ષ ૨૦૦૩ માં શરૂઆત કરેલ અને આજે તે અવીરત ચાલુ છે. ત્યારે ગુજરાત રાજય સરકાર દ્વારા રાજકોટ ખાતે આગામી ૮ અને ૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ "વાઈબ્રન્ટ ગુજરાત રીજીઓનલ કોન્ફરન્સ–કચ્છ અને સૌરાષ્ટ્ર" નું ભવ્ય આયોજન કરનાર છે. તેમજ રાષ્ટ્રિય તથા આંતરરાષ્ટ્રિય પ્રતિષ્ઠા પ્રાપ્ત આ સમીટમાં દેશ–વિદેશના અનેક ઉદ્યોગપતિઓ–વ્યાપારીઓ તથા ડેલિગેશનો ભાગ લેવાના હોવાથી રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે તાત્કાલીકના ધોરણે ઈન્ટરનેશનલ ફલાઈટોની સુવિધાઓ પ્રાપ્ત થાય તેમજ કસ્ટમ કલીયરન્સ અને ઈમિગ્રેશન સેટ શરૂ કરવું ખાસ જરૂરી છે. જેથી કરીને "વાઈબ્રન્ટ ગુજરાત રીજીઓનલ કોન્ફરન્સ–કચ્છ અને સૌરાષ્ટ્ર" સમીટને સફળતા આપી શકાય. તાજેતરમાં ઈમિગ્રેશનની ટીમ એરપોર્ટ ખાતે સર્વેની કામગીરી પુર્ણ કરી ગયેલ છે. તેમજ રાજકોટ ચેમ્બરની સફળ રજુઆત થકી ઈન્ડિગો એરલાઈન્સ રાજકોટ–દુબઈ માટેની ઈન્ટરનેશનલ ફલાઈટ શરૂ કરવા તૈયાર છે પરંતુ કસ્ટમ કલીયરન્સનું સેટઅપ ન હોવાને કારણે આ ફલાઈટ ઓપરેટ થઈ શકે તેમ નથી. તેથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા કસ્ટમ કલીયરન્સ અને ઈમિગ્રેશન સેટઅપ નવેમ્બર ૨૦૨૫ સુધીમાં તાત્કાલીક શરૂ કરવા માટે કેન્દ્રીય સિવિલ એવીએશન મંત્રીશ્રી કિન્નજારપ્પુ રામમોહન નાયડુજી, ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહજી, ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી અને સિવિલ એવીએશનમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે.

સાથો સાથ રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે પાયાગત સુવિધાઓ ન હોવાના કારણે મુસાફરોને ખુબ જ અગવડતાઓ અને અસુવિધાઓનો સામનો કરવો પડી રહયો છે. ખાસ કરીને સારી ગુણવતાવાળું વાઈફાઈ નેટવર્ક, વેઈટીંગ લોન્જ, ડયુટી ફ્રી રીટેઈલ શોપ, જનરલ પબ્લીક માટે રેસ્ટરૂમ તેમજ ફુડ અને બેવરીઝના આઉટલેટ વિગેરે તાત્કાલીક પુરા પાડવા જરૂરી છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ સિવીલ હોસ્પિટલ ખાતે અઠવાડીયામાં બે વખત "યેલો ફિવર વેકસીન" આપવાની વ્યવસ્થા કરવા અંગે ગુજરાત રાજયના આરોગ્ય મંત્રીશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

રાજકોટ ચેમ્બરના અથાગ પ્રયત્નોથી રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે યેલો ફિવર વેકસીનેશન સેન્ટર શરૂ કરવામાં આવેલ. રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગકારો પોતાના ધંધાર્થે તેમજ અન્ય પ્રવાસીઓને આફ્રિકાના દેશોમાં જવા માટે "યેલો ફિવર વેકસીનેશન" લેવું ફરજીયાત છે. ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દર બુધવારે આ વેકસીન આપવામાં આવે છે અને આશરે ૩૦ થી ૪૦ લોકો આ વેકસીન લેવા માટે આવતા હોવાથી ખુબ જ વાર લાગે છે અને સમયનો પણ વ્યય થાય છે.

આ પ્રકારની વેકસીન જામનગર શહેરમાં દરરોજ આપવામાં આવે છે જેથી રાજકોટના લોકોને કયારેક નાછુટકે જામનગર સુધી જવું પડતું હોય છે. જેના કારણે ખુબ જ મુશ્કેલીઓ પડી રહી છે. તેને ધ્યાનમાં રાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે અઠવાડીયમાં બે વખત "યેલો ફિવર વેકસીન" આપવાની વ્યવસ્થા કરવા અંગે ગુજરાત રાજયના માનનીય આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાજી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. જેથી લોકોને કોઈપણ જાતની મુશ્કેલીઓનો સામનો કરવો ન પડે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા SGST ડિપાર્ટમેન્ટએ એક સાથે ત્રણ વર્ષનું ઓડિટ કરવા અને સ્ક્રુટીની માટેની નોટીસ અલગ–અલગ વર્ષની એક સાથે આપવા અંગે રજુઆત કરવામાં આવી...

SGST ડિપાર્ટમેન્ટ દ્વારા હાલમાં વર્ષ ૨૦૨૧–૨૨ માટે ચાલી રહેલ ઓડિટ પ્રક્રિયાના કારણે વેપાર–ઉદ્યોગકારોને ખુબ જ મુશ્કેલીઓ પડી રહી તેને ધ્યાનમાં રાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા SGST ના સયુંકત રાજય વેરા કમિશ્નરશ્રી એમ.એ. પટેલને નીચે મુજબની રજુઆત કરવામાં આવેલ છે.

(૧) GST ના ઓડિટ ૬૫ ના રૂલ્સ મુજબ હાલમાં ડિપાર્ટમેન્ટ દ્વારા નોંધાયેલ વેપારીઓ–પેઢીઓના વર્ષ ૨૦૨૧–૨૨ ના ઓડિટ માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. પરંતુ ખાસ એ રજુઆત છે કે વર્ષ ૨૦૨૧–૨૨, ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪ નું એક સાથે ઓડિટ કરવું જોઈએ. જેનાથી એકાઉન્ટન્ટો ત્રણ વર્ષોના ડોકયુમેન્ટો એક સાથે ભેગા કરીને સીએ અથવા વકિલોને આપી શકે અને ડિપાર્ટમેન્ટમાં રજુ કરી શકે તેમજ સમયસર જવાબો રજુ થઈ શકે.

(૨) કોમ્પ્યુટરરાઈઝ સોફટવેર મારફતે જ સ્ક્રુટીની માટેની નોટીસ ઈશ્યું કરવામાં આવતી હોય છે. તો તે અલગ–અલગ વર્ષની એક સાથે નોટીસ ઈશ્યું કરવી જોઈએ. આનાથી વેપારીઓ, એકાઉન્ટન્ટો, સીએ અથવા વકિલોને ઓડિટ પ્રક્રિયા માટે દર વર્ષે જહેમત ઉઠાવવી ન પડે અને સમય પણ બચી શકે અને ખોટીરીતે થતી કનડગત દુર થાય. સાથો સાથ વેપારીઓને વ્યાજ કે પેનલ્ટી જેવો અસહય વધારાનો બોજો સહન ન કરવો પડે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની દિલ્હી સ્થિત The Associated Chambers of Commerce & Industry of India (ASSOCHAM) ની મેનેજીંગ કમિટિમાં બિનહરિફ ચૂંટાઈ આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વેપાર–ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરતી ૭૦ વર્ષ જુની વરિષ્ઠ મહાજન સંસ્થા છે. રાજકોટ ચેમ્બર દ્વારા હર હંમેશ વેપાર–ઉદ્યોગના તેમજ આમ પ્રજાના પ્રશ્નોનું યોગ્ય અને સચોટ નિરાકરણ લાવવા માટે અગ્રેસર રહે છે. તેમજ કેન્દ્ર તથા રાજય સરકારમાં એક સેતુ બની રજુઆતો કરી ઉદ્ભવતા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરે છે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દિલ્હી સ્થિત The Associated Chambers of Commerce & Industry of India (ASSOCHAM) માં સભ્યપદ ધરાવે છે. જેમાં પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની મેનેજીંગ કિમિટિમાં સભ્ય તરીકે બિનહરિફ ચૂંટાઈ આવેલ છે. ASSOCHAM ની મેનેજીંગ કમિટિમાં સૌરાષ્ટ્ર–કચ્છમાંથી રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવને સ્થાન મળવાથી સમગ્ર સૌરાષ્ટ્ર–કચ્છ માટે ગૌરવની બાબત ગણાય. આમ આ સ્થાન મળવાથી રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગકારોના પ્રશ્નોને ખુબ જ મહત્વ સાથે વાચા મળશે.

સાથો સાથ શ્રી વી.પી. વૈષ્ણવ હાલ નેશનલ લેવલની સંસ્થા ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI) ન્યુ દિલ્હીમાં કારોબારી સભ્ય તરીકે, મુંબઈ સ્થિત IMC ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં કારોબારી સભ્ય તરીકે તેમજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં રીજીઓનલ કારોબારી સભ્ય તરીકે અને (ASSOCHAM) માં મેનેજીંગ કમિટિમાં કાર્યરત છે. તેમજ ફેડરેશન ઓફ સૌરાષ્ટ્ર–કચ્છ ચેમ્બરઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FSKCCI) ના ચેરમેન તરીકે પણ કાર્યરત છે. આમ ઈતિહાસમાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી ૪ જેટલી મહત્વની ઉચ્ચ લેવલની સંસ્થાઓનું એક માત્ર પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ પ્રતિનિધિત્વ કરી રહયા છે તે ગૌરવની બાબત ગણાય. આથી તમામ વેપાર–ઉદ્યોગકારોને તેઓને ઉદ્ભવતા પ્રશ્નો કે સુચનો હોય તો રાજકોટ ચેમ્બરને મોકલી આપવા પણ અનુરોધ કરવામાં આવે છે. જેથી તેની ઉચ્ચ લેવલે રજુઆત કરી યોગ્ય નિરાકરણ લાવી શકાય.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા GST એકટ ૨૦૧૭ ના સેકશન ૭૪ ના આકરા નિયમમાં તાત્કાલીક ફેરફાર કરવા CGST ડિપાર્ટમેન્ટ સમક્ષ રજુઆત કરવામાં આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા CGST ઓડિટના પ્રિન્સીપાલ કમિશ્નરશ્રી લલીત પ્રસાદ સમક્ષ રજુઆત કરવામાં આવી છે કે, હાલમાં CGST/SGST ડિપાર્ટમેન્ટ દ્વારા GST એકટ ૨૦૧૭ ના સેકશન ૭૪ અંતર્ગત ફ્રોડ, ભરવાપાત્ર થતા ટેક્ષમાં ખોટી માહિતીના કિસ્સાઓ જેવા કે, HSN કોડમાં (પ્રોડકટ ડિસ્ક્રીપ્શન, અર્થઘટન, ફેરફાર વિગેરે) સાચા અને પ્રમાણીક કરદાતાઓ દ્વારા ભુલથી પણ અલગ HSN કોડ દર્શાવાય જાય તો તેવા કિસ્સામાં સેકશન ૭૪ હેઠળ કારણદર્શક નોટીસ આપવામાં આવે છે તો તેને બદલે આવા કરદાતાઓને સેકસશન ૭૩ હેઠળ સમાવિષ્ટ કરી અને રીકવરી માટેનો હાલનો જે સમયગાળો પાંચ વર્ષનો છે તે એક વર્ષનો રાખવા તેમજ GST એકટ ૨૦૧૭ ના સેકશન ૭૪ ના આવા આકારા નિયમમાં તાત્કાલીક ફેરફાર કરવો.

જે કરદાતાઓ ખોટી માહિતી દર્શાવે અને ફ્રોડ કે હકીકતોનું દમન કરે અને કરચોરી કરે તેની સામે જરૂરથી કાર્યવાહી કરવી જ જોઈએ. પરંતુ કરદાતાનું કરચોરી કે અન્ય કોઈ વિગત છુપાવવાનો ઈરાદો ન હોવા છતા ડિપાર્ટમેન્ટ દ્વારા પાઠવવામાં આવતી આવી કારણદર્શક નોટીસોના કારણે કરદાતાઓને ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહયો છે. જે ખેરેખર અયોગ્ય જણાઈ રહયું છે.

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી રાજકોટ–દિલ્હી માટે સવારની બે ફલાઈટો શરૂ થતા સહર્ષ આવકારની સાથે રાજકોટ–દુબઈ માટેની આંતરરાષ્ટ્રિય ફલાઈટ શરૂ કરવા કેન્દ્રીય સિવિલ એવીએશન મંત્રીશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવેલ...**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી એરલાઈન્સ સુવિધા મળી રહે તે માટે સરકારશ્રીમાં અવાર–નવાર રજુઆતો કરવામાં આવે છે. ત્યારે રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય તેમજ આશરે ૨૫ લાખથી વધુ વસ્તી ધરાવતું શહેર છે. તેમજ ઈન્ડસ્ટ્રીયલ હબ તરીકે પણ ગણવામાં આવે છે ત્યારે રાજકોટ તથા તેની આસપાસ આશરે બે લાખથી વધુ MSME એકમો આવેલા હોય આયાત–નિકાસ પણ દિન પ્રતિદીન વધી રહયું હોવાથી વિદેશી મુલાકાતીઓ પણ આવતા હોય છે તેમજ ઐતીહાસીક સ્થળોથી પથરાયેલ હોય પ્રવાસીઓની સંખ્યા પણ વધી રહી છે. ત્યારે ફલાઈટની કનેકટીવીટી વધારવી ખુબ જ આવશ્યક છે. ખાસ કરીને રાજકોટ–મુંબઈ તથા રાજકોટ–દિલ્હી બન્ને શહેરો ખાતે મુસાફરી કરનાર વર્ગ ખુબ જ વધારે છે તો તેને ધ્યાનમાં રાખી રાજકોટ–દિલ્હી માટે સવારની દૈનીક ફલાઈટો શરૂ કરવા માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા કેન્દ્રીય સિવિલ એવીએશન મંત્રીશ્રી તથા વિવિધ એરલાઈન્સ કંપનીઓ સમક્ષ અગાઉ રજુઆતો કરવામાં આવેલ હતી.

આમ પોરબંદરના સાસંદ સભ્યશ્રી મનસુખભાઈ માંડવીયાજીની સફળ રજુઆત થકી રાજકોટ–દિલ્હી માટેની દૈનીક બે ફલાઈટો મળી છે જે બદલ રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, માનદ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા તથા ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ સાંસદ સભ્યશ્રી મનસુખભાઈ માંડવીયાજીનું અભિવાદન કરીને સહર્ષ આભાર વ્યકત કરેલ હતો. સાથો સાથ આ બન્ને શહેરો વચ્ચે ફલાઈટની કનેકટીવીટી ફાળવવા માટે કેન્દ્રીય સિવિલ એવીએશન મંત્રીશ્રીનો પણ રાજકોટ ચેમ્બર આભાર વ્યકત કરે છે. આમ લાભ પાંચમના દિવસે શરૂ થયેલ આ બન્ને શહેરો વચ્ચે સવારની અને સાંજની કુલ ચાર ફલાઈટની કનેકટીવીટી મળવાથી રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરો અને ખાસ કરીને વેપાર–ઉદ્યોગકારોને ખુબ જ ફાયદો થશે. તેમજ પ્રવાસન ક્ષેત્રે નવી ઉંચાઈઓ સર કરશે.

અગાઉ પણ રાજકોટ ચેમ્બર દ્વારા ઈન્ટરનેશનલ ફલાઈટો શરૂ કરવા માટે રજુઆતો કરેલ છે. ત્યારે ઈન્ટરનેશનલ ફલાઈટના ટર્મીનલનું કામ પણ ટુંક સમયમાં પુર્ણ થનાર છે. તેમજ કસ્ટમ્સ અને ઈમીગ્રેશનનું સેટ પણ શરૂ થનાર હોય રાજકોટ–દુબઈ માટેની દૈનીક ફલાઈટ તાત્કાલીક શરૂ કરવા કેન્દ્રીય સિવિલ એવીએશન મંત્રીશ્રી કિન્નજારપ્પુ રામમોહન નાયડુજી, સાંસદ સભ્યશ્રી મનસુખભાઈ માંડવીયાજી તથા રાજયના નાયબ મુખ્યમંત્રી અને સિવિલ એવીએશનમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. આમ રાજકોટ–દુબઈ માટેની ઈન્ટરનેશનલ ફલાઈટ શરૂ કરવા માટે સાંસદ સભ્યશ્રી મનસુખભાઈ માંડવીયાજીએ ઘટતું કરવા માટે ખાત્રી આપેલ છે.

## રાજકોટ નાયબ પોલીસ કમિશનર ઝોન–ર ના શ્રી રાકેશ દેસાઈ સાહેબની સરાહનીય કામગીરીને બીરદાવાતા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા




## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા હાલમાં વેપાર–ઉદ્યોગકારો અને આમ જનતાને ચેક કલીયરીંગમાં પડી રહેલી મુશ્કેલીઓનું તાત્કાલીક નિરાકરણ લાવવા રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ગવર્નર સમક્ષ ભારપુર્વક રજુઆત કરવામાં આવી...

સરકારશ્રી દ્વારા ગત તા.૦૪–૧૦–૨૦૨૫ થી અમલીકૃત કરેલ સમાન દિવસે ચેક કલીયરીંગની પ્રથા વેપાર–ઉદ્યોગકારો અને આમ જનતાને ખુબ જ લાભદાયી નિવડશે તેમજ આ સમગ્ર પ્રક્રિયાને કારણે આધુનીક ચેક પેમેન્ટ પ્રોસેસના અમલથી નાણાંકીય વ્યવહારો ઝડપી, સરળ અને સલામત બનશે. જેને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આવકારે છે.

પરંતુ ઉપરોકત સીસ્ટમના યોગ્ય અને અપુરતા અમલીકરણના કારણે તેમજ નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) ના સર્વર ડાઉન અને અક્ષમ્ય ઢીલને કારણે ખાતેદારોના ખાતામાં એ જ દિવસે ચેક જમાં થવાના બદલે ચાર થી પાંચ દિવસથી વધુનો સમય લાગે છે. ખાસ કરીને જે કોઈ ખાતેદાર તેના ખાતામાં ચેક જમા કરે છે અને તે જ દિવસે જમા થઈ જશે તેમ માની અન્ય કોઈને ચેક ઈશ્યું કરે અને તે રકમ ખાતામાં જમા ન થાય ત્યારે ચેક બાઉન્સના પ્રશ્નો ઉદભવે છે. જેનાથી વેપાર–ઉદ્યોગકારોની શાખને પણ નુકશાની પહોંચે છે. વધુમાં હાલ દિવાળી તહેવારની સિઝનમાં નાણાંકીય વ્યવહારો ખુબ જ મોટી સંખ્યામાં થવા પામતા હોય છે. ત્યારે આવી મુશ્કેલીઓનો વેપાર–ઉદ્યોગકારો અને આમ જનતાને સામનો કરવો પડે તે અયોગ્ય જણાઈ રહયું છે.

જો આ પરિસ્થીતી લાંબો સમય સુધી ચાલું રહેશે તો સમગ્ર વેપાર–ઉદ્યોકારોને અનેક નાણાંકીય મુસીબતો અને પ્રતિષ્ઠાના પ્રશ્નો ઉદભવશે. સાથે જ આમ જનતાને પણ અનેક તકલીફો અને અસુવિધાઓ ભોગવવી પડશે. તમામ ક્ષેત્રોના રોજ બરોજના નાણાંકીય વ્યવહારો સાથે આ સમસ્યા સીધી જ સંકળાયેલ હોય હાલમાં ચેક ક્લીયરીંગમાં વેપાર–ઉદ્યોગકારો અને આમ જનતાને પડતી મુશ્કેલીઓની ગંભીર નોંધ લઈને વ્હેલીતકે નિરાકરણ લાવવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ગર્વનરશ્રી સમક્ષ ભારપુર્વક રજુઆત કરવામાં આવી છે.


## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા નવનિયુકત ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખશ્રી જગદીશભાઈ વિશ્વકર્માજીની શુભેચ્છા મુલાકાત લઈ હાર્દિક અભિનંદન પાઠવેલ...



તાજેતરમાં ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના નવનિયુકત થયેલ પ્રમુખશ્રી જગદીશભાઈ વિશ્વકર્માજીની રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા કારોબારી સભ્યશ્રી કુમનભાઈ વરસાણી દ્વારા ગાંધીનગર ખાતે શુભેચ્છા મુલાકાત લઈને હાર્દિક અભિનંદન પાઠેલ હતા.

તેમની રાજકિય કારકિર્દી તથા સફળ નેતૃત્વ, નૈતિકતા અને અનુભવથી સંગઠન વધુ મજબુત બનશે તેમજ રાજયના વિકાસની સાથે વેપાર–ઉદ્યોગ તથા લોક પ્રશ્નોને વાચા મળશે તેમજ આવનારા સમયમાં ગુજરાત રાજયના સમૃધ્ધ ભવિષ્ય માટે અને નવા પ્રયાસો માટે ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવેલ. સાથો સાથ દેશના લોક લાડીલા અને યશસ્વી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ મંત્રને સાર્થક કરી ગુજરાતની વિકાસયાત્રાને નિરંતર આગળ વધારીને "વિકસીત ભારત, વિકસીત ગુજરાત" ના સ્વપ્નને સાર્થક કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી હર હંમેશ સાથ સહકાર આપતું રહેશે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા CGST ની ગ્રીવન્સ રીડ્રેસલ કમિટિની મળેલ મિટીંગમાં એગ્રીકલ્ચર પ્રોડકટ તથા આવશ્યક વસ્તુઓના GST દરમાં ઘટાડો કરવા રજુઆત કરવામાં આવી...




CGST ના ચીફ કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં તા.૦૮–૧૦–૨૦૨૫ ના રોજ ગ્રીવન્સ રીડ્રેસલ કમિટિની મિટીંગ ઓનલાઈન યોજવામાં આવેલ હતી. જેમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા ઓનલાઈન જોડાઈને GST ને લગતા વિવિધ પ્રશ્નો–સુચનો ધ્યાને મુકેલ હતા. જેમાં ખાસ કરીને એગ્રીકલ્ચર પ્રોડકટ તથા આવશ્યક ચીજ વસ્તુઓ ઉપર ૧૮% નો GST દર ધરાવે છે. તેમજ પાણી ખેતી માટે અત્યંત જરૂરી હોવાને કારણે સિંચાઈને સંલગ્ન તમામ ઉત્પાદનો તેમજ ટ્રેકટર્સ/રોટાવેટર્સ વિગેરેને ૫% નો GST દર લાગુ પાડવો જોઈએ. જયારે કેટલાક ખાદ્ય પદાર્થો જેમ કે ઈન્ડિયન બ્રેડ વિગેરેનો GST દર NIL છે પરંતુ સ્થાનીક ફલોર મીલ કે જે ખાદ્ય પદાર્થોના ગ્રાઈન્ડીગ માટે જરૂરી છે તેના GST દર NIL કરવો.

વધુમાં વિવિધ એગ્રીકલ્ચર પ્રોડકટો જેમ કે, Monoset Pumps, Engine Monoset Pump, Centrifugal Pump, Open-well Submersible Pump Set, Centrifugal Regenerative Pumps, Submersible Pump set, Motors For Submersible Pump sets, Fixed Speed (Stationary) Diesel Engines 16HP (12kw) to 27HP (20kw), uPVC and cPVC Pipe & Pipe Fittings, Alternators / Generators જે હાલ ૧૮% GST દર લાગુ થયેલ છે તેને ૫% GST દર કરવો. જયારે Domestic Flour Mill (AataChakki) ઉપર ૫% GST લાગુ છે તેને NIL કરવો અને All type of job works ઉપર ૧૮% GST દર લાગુ છે તેને ૫% કરવા રજુઆત કરવામાં આવેલ હતી. આમ ઉપરોકત રાજકોટ ચેમ્બરની રજુઆતને ધ્યાને લઈ CGST ના ચીફ કમિશ્નરશ્રી દ્વારા હકારાત્મક અભિગમ દાખવી આ અંગે GST કાઉન્સીલ સમક્ષ રજુઆત કરી યોગ્ય નિરાકરણ લાવવા ખાત્રી આપેલ હતી.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, SGST-રાજકોટ, ધી રાજકોટ GST બાર એસોસીએશન, રાજકોટ બ્રાન્ચ ઓફ WIRC ઓફ ICAI ના સયુંકત ઉપક્રમે "GST 2.0, અંતર્ગત દરમાં ઘટાડો અને તેના તમામ લાભો" અંગે સેમીનારનું આયોજન કરવામાં આવ્યું...




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, SGST રાજકોટ, ધી રાજકોટ GST બાર એસોસીએશન, રાજકોટ બ્રાન્ચ ઓફ WIRC ઓફ ICAI ના સંયુકત ઉપક્રમે તથા વિવિધ સંસ્થાઓના સહયોગથી "GST 2.0, અંતર્ગત દરમાં ઘટાડો અને તેના લાભો" અંગે માર્ગર્શક સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં SGST જોઈન્ટ કમિશ્નરશ્રી એમ.એ. પટેલ, ડેપ્યુટી કમિશ્નરશ્રી આઈ.આર. પટેલ તથા આસીસટન્ટ કમિશ્નરશ્રી સી.એલ. પટેલ ઉપસ્થિત રહી વેપાર–ઉદ્યોગકારોને માર્ગદર્શન આપવામાં આવેલ.

સેમીનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સૌને આવકારી તાજેતરમાં જીએસટી કાઉન્સીલ દ્વારા જીએસટી દરમાં ઘટાડો કરી ૫% અને ૧૮% ના બે સ્લેબ કરવામાં આવેલ છે. ત્યારે વેપાર–ઉદ્યોગકારોને તેની સંપુર્ણ જાણકારી મળી રહી તેમજ કોઈપણ જાતની મુશ્કેલી ન પડે અને દરમાં થયેલ ઘટાડા સાથેના તમામ લાભો મળવાપાત્ર થાય તે માટે આ સતત બીજા સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. જે ખુબ જ ઉપયોગી બની રહેશે. તેમજ SGST ના જોઈન્ટ કમિશ્નરશ્રી એમ.એ. પટેલએ જીએસટી અંતર્ગત વેપાર–ઉદ્યોગકારોને કોઈપણ મુશ્કેલી કે સમસ્યાઓ હોય તો અમારા ડિપાર્ટમેન્ટનો સંપર્ક સાધવો તે માટે સંપુર્ણ સાથ સહકાર આપી તેનું યોગ્ય નિરાકરણ લાવીશું.

SGST આસીસટન્ટ કમિશ્નરશ્રી સી.એલ. પટેલએ જણાવેલ કે, જીએસટીમાં દરમાં થયેલ ઘટાડોના તમામ લાભ વેપાર–ઉદ્યોગકારોને મળી રહે તેમજ ઉદભવતી મુશ્કેલીઓ જેવી કે, સ્ટોકમાં રહેલ વેરાશાખની ટ્રીટમેન્ટ અને ઈન્વર્ટેડ સ્ટ્રકચરનું રીફંડ મેળવવા અંગે તેમજ આવા જીએસટી દર ઘટાડાનો ગ્રાહકોને લાભ મળે તે માટે વેપારીઓને અપીલ

કરેલ. તેમજ ડિપાર્ટમેન્ટ દ્વારા વિવિધ કોમોડીટીમાં સર્વે પણ હાથ ધરી તેનું મોનીટરીંગ પણ કરવામાં આવી રહયું છે. તેથી આ અંગે કોઈપણ સમસ્યા ઉદભવતી હોય તો અમારૂ ખાસ ધ્યાન દોરવા અનુરોધ કરેલ. ત્યાર બાદ ઉપસ્થિત વેપાર–ઉદ્યોગકારો દ્વારા પુછાયેલ પ્રશ્નોના સંતોષકારક પ્રત્યુતર આપવામાં આવેલ. સેમીનારના અંતે સૌ અધિકારીશ્રીઓ, વેપાર–ઉદ્યોગકારોનો સેમીનારમાં ઉપસ્થીત રહેવા બદલ ધી રાજકોટ GST બાર એસોસીએશનના પ્રમુખશ્રી ભરતભાઈ રામાણીએ આભાર વ્યકત કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નિકાસકારો માટે સંપુર્ણ સહાયરૂપ 24 X 7 સિંગલ ઈમરજન્સી હેલ્પલાઈન શરૂ કરવા માટે કેન્દ્રીય વાણિજય–ઉદ્યોગમંત્રીશ્રી તથા નાણામંત્રીશ્રીને રજુઆત કરવામાં આવી...

હાલની વૈશ્વીક પરિસ્થિતીને ધ્યાનમાં લેતા નિકાસકારો ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરી રહયા છે. ખાસ કરીને આંતરરાષ્ટ્રિય સ્તરે પ્રવર્તતી તીવ્ર હરીફાઈ તથા ટેરીફમાં અસહય વધારાને કારણે નિકાસકારોને ખુબ જ અસુવિધાઓ પડી રહી છે. આંતરરાષ્ટ્રિયક્ષેત્રે ઓર્ડર મેળવવા, ખરીદદારોનો વિશ્વાસ જાળવી રાખવા, ICEGATE માં જોવા મળતી ટેકનીકલ ભુલો, સર્વરની ખામીઓ તથા વહીવટી ગુંચવણોને કારણે સમગ્ર નિકાસ પ્રક્રિયામાં ખુબ જ વિલંબ થવા પામે છે. તેટલું જ નહી આવી સમસ્યાઓને કારણે વિશ્વક્ષેત્રે ભારતની પ્રતિષ્ઠા અને નિર્ભરતાને ઘણી અસર પહોંચે છે.

સરકારશ્રી દ્વારા હાલમાં અનેકવિધ 24X7 ઈમરજન્સી સેવાઓ જેવી કે ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ, ફાયર અને રેસ્કયુ, નેશનલ એમ્બ્યુલન્સ સર્વિસ, પોલીસ વિગેરે નાગરીકોની સલામતી તથા સવલતો માટે પુરી પાડવામાં આવે છે. તેવી જ રીતે નિકાસકારોને દરેક બાબતોમાં પડી રહેલ મુશ્કેલીઓનું તુરંત નિરાકરણ લાવી શકાય તે માટે સંપુર્ણ સહાયરૂપ 24X7 સિંગલ ઈમરજન્સી હેલ્પલાઈન શરૂ કરવામાં માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજી તથા નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની સફળ રજુઆત... રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી એરઈન્ડીયાની રાજકોટ–દિલ્હી માટે સવારની ફલાઈટ શરૂ થશે...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી એરલાઈન્સ સુવિધા મળી રહે તે માટે સરકારશ્રીમાં રજુઆતો કરવામાં આવે છે. રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય તેમજ આશરે ૨૫ લાખ જેટલી વસ્તી ધરાવતું શહેર છે. તેમજ ઈન્ડસ્ટ્રીયલ હબ તરીકે પણ ગણવામાં આવે છે ત્યારે રાજકોટ તથા તેની આસપાસ આશરે બે લાખથી વધુ MSME એકમો આવેલા છે. તેમજ આયાત–નિકાસ પણ દિન પ્રતિદીન વધી રહયું હોય જેથી વિદેશી મુલાકાતીઓ પણ આવતા હોય છે તેમજ ઐતીહાસીક સ્થળોથી પથરાયેલ હોવાથી પ્રવાસીઓની સંખ્યા પણ વધી રહી છે. ત્યારે ફલાઈટની કનેકટીવીટી વધારવી ખુબ જ આવશ્યક છે. હાલમાં રાજકોટ હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતેથી ૧૨ જેટલી ડોમેસ્ટીક ફલાઈટની ટ્રીપો ચાલી રહી છે તેમજ મહિને આશરે ૯૦ હજાર જેટલા મુસાફરો મુસાફરી કરી રહયા છે ત્યારે આટલી ટ્રીપ ખુબ જ ઓછી ગણાય. ખાસ કરીને રાજકોટ–મુંબઈ તથા રાજકોટ–દિલ્હી બન્ને શહેરો ખાતે મુસાફરી

કરનાર વર્ગ ખુબ જ વધારે છે તો તેને ધ્યાનમાં રાખી રાજકોટ–દિલ્હી માટે સવારની દૈનીક ફલાઈટ તથા રાજકોટ–મુંબઈ માટે સવારની અને રીર્ટન સાંજની દૈનીક ફલાઈટ શરૂ કરવા માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા વિવિધ એરલાઈન્સ કંપનીઓ સમક્ષ રજુઆત કરવામાં આવેલ હતી.

આમ રાજકોટ ચેમ્બરની રજુઆતને સફળતા મળેલ છે અને એર ઈન્ડિયા દ્વારા વિન્ટર શેડ્યુલ જાહેર કરીને આગમી ૨૬ મી ઓકટોબરથી રાજકોટ થી દિલ્હી માટે સવારની ફલાઈટ શરૂ કરવામાં આવનાર છે અને તેનો સમય સવારે ૧૦:૧૦ વાગ્યાનો રહેશે. આમ આ સુવિધા મળવાથી રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરો અને ખાસ કરીને વેપાર–ઉદ્યોગકારોને ખુબ જ ફાયદો થશે. વધુમાં રાજકોટ ચેમ્બર દ્વારા ઈન્ટરનેશનલ ફલાઈટો પણ તાત્કાલીક શરૂ કરવામાં આવે તે માટે સતત પ્રયત્નશીલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઈન્કમટેક્ષ ઓડિટ ૨૦૨૫ તથા ITR ફાઈલીંગ માટેની સમય મર્યાદા વધારવા અંગે કેન્દ્રીય નાણામંત્રીશ્રી તથા CBDT ના ચેરમેનશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

આવકવેરા ધારા ૧૯૬૧ અંતર્ગત નિશ્ચિત મર્યાદા કરતા વધારે આવક ધરાવતા કરદાતાઓએ તેમના બુકસ ઓફ એકાઉન્ટસ આઈટી રીટર્ન ફાઈલ કરતા પહેલા માન્ય અને રજીસ્ટર્ડ સીએ પાસે ઓડિટ કરાવવા પડશે. નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ ના ઓડિટ રીપોર્ટની સમય મર્યાદા તા.૩૦–૦૯–૨૦૨૫ ના પુર્ણ થાય છે પરંતુ ઘણી બધી ટેકનીકલ ખામીઓ, પોર્ટલ સબંધીત મુશ્કેલીઓના કારણે ઓડિટ કરાવવા પાત્ર કુલ એકમો પૈકી ૮ થી ૧૦ ટકા એકમોએ જ ઓડિટ રીપોર્ટ સબમીટ કરેલ છે. જયારે આશરે ૯૦% જેટલા બાકી રહેલા એક સપ્તાહમાં ફાઈલ કરી શકે તે અશકય છે. આ સંજોગોમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વ્યવસ્થાપક સમિતિના સભ્યશ્રી બ્રિજેનભાઈ કોટક દ્વારા માનનીય કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજી તથા CBDT ના ચેરમેનશ્રી સમક્ષ નીચે મુજબના વિવિધ પ્રશ્નો–મુશ્કેલીઓ ધ્યાને મુકેલ છે.

(૧) આવકવેરા ધારા અંતર્ગત નકિક કરવામાં આવેલ ઓડિટ રીપોર્ટ સબંધીત વર્ઝનમાં વારંવાર સુધારાઓ થતા હોવાને કારણે પહેલેથી જ ઓડીટ થયેલા રીપોર્ટ પણ નવી સ્કીમમાં રીવેલીડેટ કરવા પડે છે. જરૂરી ફાઈનાન્સીયલ સ્ટેટમેન્ટ કમ્પાઈલ કરવા, વૈધાનીક ઓડિટ કરવા, તમામ ડેટા વિવિધ રીપોર્ટ સિસ્ટમ (GST,TDS,SFT વિગેરે)માં રજુ કરવા માટે ૩ થી ૪ માસનો સમય લાગતો હોય છે. પરંતુ હાલમાં માત્ર થોડા દિવસો બાકી હોવાને કારણે આ કાર્ય વ્યવહારીક ધોરણે શકય નથી.

(૨) મુડી લાભ, વિદેશી સંપતિ અને વ્યવસાયીક આવક ધરાવતા કરદાતાઓ માટે ITR-2 અને ITR-3 નિર્ધારીત કરાયેલા છે. કરદાતાઓએ નાણાંકીય બાબતો કમ્પાઈલ કરવાથી લઈને ચોકસાઈ સુનિશ્ચિત કરવી તથા નિર્ધારીત સમય મર્યાદામાં રીટર્ન ફાઈલ કરવા ખુબ જ મર્યાદિત સમય ફાળવવામાં આવ્યો છે. વારંવાર પ્રયાસો છતાં એક જ PAN નંબર માટે AIS અને TIS ડેટામાં વિસંગતતા અને ટેકનીકલ સમસ્યાઓ વિલંબનું કારણ બને છે.

(૩) આવકવેરા ઈ–પોર્ટલમાં અપલોડ નિષ્ફળતા, માન્યતા ભુલો અને ડેટા મેચ થતા ન હોય તેવી સતત પોર્ટલ ભુલો ફાઈલીંગ માટે નોંધપાત્ર જોખમો ઉભા કરે છે જેને કારણે સમયનો વ્યય થાય છે.

(૪) ચુસ્ત સમય મર્યાદાઓમાં પાલન કરવાનું દબાણ, અનુગામી સુધારાઓ, નવીનતમ ITR ફોર્મ અને ઓડીટ રીપોર્ટમાં વ્યાપક ખુલાસાઓ યોગ્ય રીતે ભરવાની જરૂર છે.

(૫) અન્ય મુદાઓ જેવા કે, નવરાત્રી, દુર્ગાપુજા, દશેરા, દિવાળી વિગેરે તહેવારોના કારણે કામમાં વિક્ષેપો આવે છે. રિટેલ ઉત્પાદન, લોજીસ્ટીકસ, ઈ–કોમર્સ જેવા ક્ષેત્રોમાં તહેવારોની સિઝન દરમ્યાન કામનો ભાર વધે છે. જેનાથી ઓડિટ રીપોર્ટની તૈયારી, સમીક્ષા અને ફાઈલીંગ પર ખુબ જ ગંભીર અસર પડે છે. આમ ઉપરોકત મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી ઈન્કમટેક્ષ ઓડિટ રીપોર્ટ ફાઈલ કરવા માટે તા.૩૦–૧૧–૨૦૨૫ સુધી તથા ITR ફાઈલ કરવાની અંતિમ તા.૩૧–૧૨–૨૦૨૫ સુધી લંબાવવા રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા FIEO ના સંયુકત ઉપક્રમે "Export Compliances and Strategies" અંગે માર્ગદર્શક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું... જેમાં બહોળી સંખ્યામાં નિકાસકારો ઉપસ્થિત રહયા હતા...




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા FIEO–અમદાવાદ વેસ્ટર્ન રીજીઓનના સંયુકત ઉપક્રમે "Export Compliances and Strategies" અંગે તા.૨૦–૦૯–૨૦૨૫, શનિવારના રોજ ધી ફર્ન રેસીડેન્સી, રાજકોટ ખાતે ફુલ ડે માર્ગદર્શક સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં બહોળી સંખ્યામાં નિકાસકારો ઉપસ્થિત રહયા હતા. તેમજ આ સેમીનારમાં મુખ્ય મહેમાન તરીકે માનનીય ધારાસભ્યશ્રી ડો.દર્શિતાબેન શાહ તથા જોઈન્ટ ડીજીએફટીશ્રી રોહિત સોની પણ હાજર રહી નિકાસકારોને માર્ગદર્શન આપેલ.

સેમીનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સૌને આવકારી જણાવેલ કે, સરકારશ્રી દ્વારા MSME ને વધુ વેગ મળે તે માટે હર હંમેશા તત્પર છે ત્યારે દેશના અર્થતંત્રને ઉંચાઈએ લઈ જવામાં નિકાસકારોનો ખુબ જ મહત્વનો સિંહફાળો છે. આમ રાજકોટ ચેમ્બર દ્વારા નિકાસકારોને મુંઝવતા પ્રશ્નો અને તેના યોગ્ય નિરાકરણ માટે આ સેમીનારનું આયોજન કરેલ છે. જે ખુબ જ ઉપયોગી બની રહેશે. ત્યારબાદ રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ તથા ફિઓના કન્વીનરશ્રી પાર્થભાઈ ગણાત્રાએ જણાવેલ કે, રાજકોટ ચેમ્બર વેપાર–ઉદ્યોગકારોના પ્રશ્નોને વાચા આપવા માટે હંમેશા અગ્રેસર રહે છે. હાલ અમેરીકા સાથે ચાલી રહેલ ટેરીફ વોરમાં નિકાસકારોને રાહત આપવા અને વિવિધ સ્કીમો અમલમાં મુકવા તેમજ ઈન્ટરેસ્ટ ઈકવીલાઈઝેશન સ્કીમ જે ડિસેમ્બર ૨૦૨૪ થી બંધ થઈ ગઈ છે તેના લાભો જાન્યુઆરી ૨૦૨૫ થી આપવા પણ રજુઆત કરેલ છે. તેમજ રાજકોટ જોઈન્ટ ડિજીએફટીશ્રી રોહિત સોનીએ આયાત–નિકાસમાં કોઈપણ સમસ્યા પડી રહી હોય તો ડીજીએફટી ઓફિસનો સંપર્ક કરવા અનુરોધ કરેલ અમો સંપુર્ણ સાથ સહકાર આપીશું.

ત્યારબાદ માનનીય ધારાસભ્યશ્રી ડો. દર્શિતાબેન શાહએ આજના આ સેમીનારમાં આમંત્રીત કરવા અને નિકાસકારોને મળવાની તક મળી તે બદલ આભાર સાથે આનંદની લાગણી વ્યકત કરીને સમગ્ર વિશ્વમાં રાજકોટની પ્રોડકટસ સપ્લાય થાય છે અને રાજકોટએ આજે જે ઉંચાઈ સર કરી છે તેમાં નિકાસકારોનો સિંહફાળો છે. ત્યારે કોઈપણ મુશ્કેલી હોય તો ધ્યાન દોરવું તેનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરીશું.

સેમીનારના મુખ્ય વકતાશ્રી મિહીરભાઈ શાહએ નિકાસકારોને પોતાના બિઝનેશને વધુ ડેવલોપ કરવા અને નિકાસની તકો વધારવા માટે વિવિધ મુદાઓ જેવા કે, ફોરેન ટ્રેડ પોલીસી, ઓનલાઈન e-RCMC, સ્ટેટસ હોલ્ડર સર્ટીફિકેટ, એડવાન્સ ઓથોરાઈઝેશન, ડયુટી ફ્રી ઈમ્પોર્ટ ઓથોરાઈઝેશન, RoDTEP/RoSCTL પ્રોસીઝર, EPCG સ્કીમ, e-BRC, એકઝીબીશન અને ટ્રેડ ફેર, ICEGATE પ્રોસીઝર, એકસચેન્જ રેટ ઓટોમેશન મોડયુલ, શીપીંગબીલ અપડેટ, વિવિધ દેશો સાથે થયેલ ફોરેન ટ્રેડ એગ્રીમેન્ટ, EDPMS/IDPMS, GST માં આવેલ તાજેતરના અપડેટ જેવી બાબતો ઉપર પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપેલ. ત્યારબાદ નિકાસકારો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે યોગ્ય પ્રત્યુતર આપેલ. તેમજ સમગ્ર સેમીનારનું સંચાલન અને આભાર વ્યકત ફીઓ–અમદાવાદ વેસ્ટર્ન રીજીઓનના હેડશ્રી જયપ્રકાશ ગોયેલએ કરેલ.

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની વર્ષ ૨૦૨૪–૨૫ ની ૭૦ મી વાર્ષિક સામાન્ય સભા યોજવામાં આવેલ...જેમાં વાર્ષિક કામગીરીનો અહેવાલ, ઓડિટ રીપોર્ટ અને અંદાજપત્ર સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા...**
**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી રજીસ્ટર્ડ સંસ્થા તરીકે ઓળખાશે...**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવના અધ્યક્ષ સ્થાને તા.૨૦–૯–૨૦૨૫ શનિવારના રોજ ૭૦મી વાર્ષિક સામાન્ય સભા યોજવામાં આવેલ હતી. પ્રમુખશ્રીએ સૌનું હાર્દિક સ્વાગત કરી સમયસર કોરમ પુરૂં થઈ જતા એજન્ડા મુજબની કાર્યવાહીનો પ્રારંભ કરવા માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાને જણાવેલ.

માનદ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ બંધારણ સમિતિના અધ્યક્ષ તથા સભાસદમિત્રોને આવકારી એજન્ડા મુજબની કાર્યવાહીનો પ્રારંભ કરતા વર્ષ ૨૦૨૪–૨૫ ની વાર્ષિક સામાન્ય સભાનો એજન્ડા તમામ સભ્યોને મોકલી આપેલ હતો તેની જાણ કરી ગત વર્ષ ૨૦૨૩–૨૪ની વાર્ષિક સામાન્ય સભાની મિનીટસનું વાંચન કરેલ જે હાજર રહેલ સભ્યો દ્વારા સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ.




ત્યાર બાદ પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સંસ્થાની ૭૦મી વાર્ષિક સામાન્ય સભામાં બંધારણ સમિતિના અધ્યક્ષ કે જેને કાયદે આઝમ તરીકે ઓળખાય છે તેવા ડો.પુરૂષોતમભાઈ પીપરીયા તેમજ સમિતિના સભ્ય અને પુર્વ પ્રમુખશ્રી શિવલાલભાઈ બારસીયા, હોદેદારો, વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને સભાસદમિત્રોને સહર્ષ આવકારેલ. રાજકોટ ચેમ્બર ૭૦ વર્ષ જુની વરિષ્ટ મહાજન સંસ્થા છે. તેમજ રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરી રહયું છે. ત્યારે તેઓના ઉદભવતા પ્રશ્નોની કેન્દ્ર–રાજય સરકાર તથા વિવિધ વિભાગોમાં રજુઆતો કરી યોગ્ય નિરાકરણ લાવવા માટે હંમેશા અગ્રેસર રહી મહત્વની ભુમિકા ભજવે છે. સંસ્થાએ આજે પોતાની એક આગવી ઓળખ ઉભી કરી છે. ત્યારે ગત વર્ષ ૨૦૨૪ માં દિલ્હી ખાતે નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજીના અધ્યક્ષ સ્થાને બજેટના સુચનો માટે મિટીંગ યોજવામાં આવેલ હતી અને સમગ્ર દેશમાંથી માત્ર ૧૭ જેટલી ચેમ્બરોને આમંત્રીત કરેલ તેમાં સમગ્ર ગુજરાતમાંથી માત્ર રાજકોટ ચેમ્બરએ પ્રતિનિધિત્વ કરીને વેપાર–ઉદ્યોગકારો, MSME, ખેડુતો વિગેરેના હિતમાં નિર્ણય લેઈ જીએસટીમાં સરળીકરણ કરવા અને ચારમાંથી માત્ર બે જ સ્લેબ રાખવા રજુઆત કરેલ હતી. ત્યારે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સ્વતંત્રતાપર્વના દિવસે જીએસટીમાં મોટા બદલાવની જાહેરાત કરી હતી અને ગત તા.૩–૯–૨૦૨૫ ના રોજ જીએસટી કાઉન્સીલ દ્વારા જીએસટીના દરોમાં ફેરફાર કરીને માત્ર બે જ ૫% અને ૧૮% ના સ્લેબ કર્યા આમ રાજકોટ ચેમ્બરની રજુઆતને સફળતા મળેલ છે અને આપણો અવાજ ઉચ્ચ લેવલે પહોચ્યો છે. વધુમાં રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજીની અધ્યક્ષ સ્થાને સંકલન સમિતિની પણ મિટીંગો મળે છે તેમાં પણ આપણે વિવિધ પ્રશ્નોની રજુઆતો ધ્યાને મુકીએ છીએ. તેમજ ઘણાં બધા પ્રશ્નો એવા છે જેમ કે, સિવીલ એવીએશન, જીઆઈડીસી, પીજીવીસીએલ, આરએમસી, ઈન્કમટેક્ષ, એકસપોર્ટ વિગેરે ક્ષેત્રમાં સંસ્થા દ્વારા કરાયેલ પ્રશ્નોની રજુઆતોમાં સફળતા પ્રાપ્ત કરેલ છે જે આપ સૌ સભ્યોના સાથ સહકારથી શકય બન્યું છે. ભારત દેશ આજે વિકાશીલ તરફ દોટ મુકી રહયું છે ત્યારે વેપાર–ઉદ્યોગોના પ્રશ્નો ઉદભવતા હોય છે તો તેનું પણ યોગ્ય નિરાકરણ લાવીશું. સંસ્થા દ્વારા

અવાર–નવાર અલગ–અલગ સેકટરને લગતા અવરનેશના સેમીનારો, ઓપન હાઉસો યોજે છે તો તેનો પણ ખાસ લાભ લેવો. તેમજ સમગ્ર ભારતની ઉચ્ચ સંસ્થા ફિકકી અને એસોચેમ, આઈએમસી, ગુજરાત ચેમ્બરની કમિટિમાં પણ સ્થાન ધરાવે છે અને તેમાં પણ પ્રશ્નો રજુ કરીએ છીએ તો દરેક વેપાર–ઉદ્યોગકારોને કોઈપણ પ્રશ્નો–સુચનો હોય તો મોકલી આપવા અનુરોધ છે.

ત્યારબાદ માનદમંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન યોજવામાં આવેલ ૧૨૩ જેટલી મિટીંગ–મુલાકાતો, સેમિનારો–વેબીનારો, ઓપન હાઉસ, ૬૭ જેટલી અખબારી યાદીઓ તેમજ ૧૪ કારોબારી સમિતિની મિટીંગ વિગેરે કાર્યવાહીનો અહેવાલ રજુ કરેલ. જેની ઉપસ્થિત સૌ સભ્યોએ સહર્ષ નોંધ લીધેલ. ત્યારબાદ રાજકોટ ચેમ્બરનાં ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા દ્વારા વર્ષ ૨૦૨૪–૨૫ ના આવક–જાવકના ઓડિટે હિસાબો રજુ કરેલ અને કુલ ખર્ચ કરતા આવકમાં રૂા. ૩૦,૪૭,૮૬૧/– નો વધારો થયેલ છે તે રજુ કરેલ અને ચાલુ વર્ષ ૨૦૨૫–૨૬ નું અંદાજપત્ર રજુ કરતા સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ ત્યારબાદ માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ ચાલુ વર્ષ માટે ઓડિટર તરીકે મે. ડી.વી. લાલચંદાણી એન્ડ કંપનીનું નામ સુચવતા તમામ સભ્યો દ્વારા સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ.

માનદ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ ગત વર્ષની વાર્ષિક સામાન્ય સભામાં બંધારણને સર્વાનુમતે મંજુર કરેલ અને ત્યાર બાદ ચેરીટી કમિશ્નરશ્રી સમક્ષ સોસાયટી એકટ ૧૮૬૦ અને ચેરીટી એકટ હેઠળ રજીસ્ટ્રેશન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી ત્યારે આજની આ વાર્ષિક સામાન્ય સભામાં સહર્ષની લાગણી સાથે જણાવીએ છીએ કે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને સોસાયટી એકટ ૧૮૬૦ અને ચેરીટી એકટ હેઠળ રજીસ્ટ્રેશન પ્રાપ્ત થઈ ગયું છે. જેની સૌ ઉપસ્થિત સભાસદોએ સહર્ષ નોંધ લીધેલ.

બંધારણ સમતિના અધ્યક્ષશ્રી ડો.પુરૂષોતમભાઈ પીપરીયાએ જણાવેલ કે, સંસ્થાનું બંધારણ તૈયાર કરવા માટે ૭ સભ્યોની સમિતિની રચના કરવામાં આવેલ હતી અને ગત વાર્ષિક સામાન્ય સભામાં બંધારણને લગતા પ્રશ્નો–સુચનો પણ આવ્યા હતા અને દરેકને સાંભળી યોગ્ય પ્રત્યુતરો આપી આ બંધારણને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ અને રજીસ્ટેશનની પ્રક્રિયા હાથ ધરેલ અને હવે સંસ્થા રજીસ્ટર્ડ થઈ ગઈ છે તે ખુબ જ આનંદની વાત છે જેનાથી સરકારશ્રીની વિવિધ સહાયો–લાભો મળવાપાત્ર થશે આમ સૌને અભિનંદન પાઠવી પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવને બંધારણ તથા રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ અર્પણ કરવામાં આવ્યા.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ આજની વાર્ષિક સામાન્ય સભામાં તમામ સભાસદો દ્વારા ઓડિટેડ હિસાબો, અંદાજપત્ર, વિગેરે મંજુર કરવા બદલ આભારની લાગણી વ્યકત કરીને બંધારણ સમિતિના સભ્યોએ જે જહેમત ઉઠાવી છે તે ખરેખર આવકારદાયક છે અને સંસ્થા રજીસ્ટર્ડ થઈ ગયેલ છે તે બદલ સૌ સભાસદ મિત્રોને હાર્દિક અભિનંદન પાઠવેલ. આમ વાર્ષિક સામાન્ય સભામાં એજન્ડા મુજબની કાર્યવાહી પુર્ણ થતા ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ જણાવેલ કે, રાજકોટ ચેમ્બર હર હંમેશ સભ્યોના હિત માટે કાર્ય કરી રહયુ છે ત્યારે તેઓની દરેક મુશ્કેલીમાં સંસ્થા સાથે જ છે ત્યારે કોઈપણ પ્રશ્નો–સુચનો હોય તો મોકલી આપવા અનુરોધ કરી આભાર વ્યકત કરેલ.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા CGST-રાજકોટના સંયુકત ઉપક્રમે "GST માં આવેલ સુધારાઓ" અંગે માર્ગદર્શક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું...જેમાં બહોળી સંખ્યામાં શ્રોતાગણો ઉપસ્થિત રહયા હતા...




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા CGST–રાજકોટ ડિપાર્ટમેન્ટના સંયુકત ઉપક્રમે **"GST માં આવેલ સુધારાઓ"** (GST 2.0 : Next Gen GST Reforms) અંગે માર્ગદર્શક સેમીનારનું તા.૧૯–૦૯–૨૦૨૫ ના રોજ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં CGST રાજકોટ ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી કમિશ્નરશ્રી નંગસ નાથાભાઈ તથા સુપ્રિન્ટેડેન્ટશ્રી ધર્મેશભાઈ કોઠારી ઉપસ્થિત રહી સૌને માર્ગદર્શન આપેલ તેમજ આ સેમીનારમાં બહોળી સંખ્યામાં શ્રોતાગણો ઉપસ્થિત રહયા હતા.

સેમીનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સૌને આવકારી જણાવેલ કે, દેશના યશસ્વી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા સ્વતંત્રપર્વના દિવસે GST માં મોટા બદલાવની જાહેરાત કરી હતી. ત્યારે ગત તા.૦૩–૦૯–૨૦૨૫ ના રોજ કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સીતારામનજીની અધ્યક્ષતામાં ૫૬મી GST કાઉન્સીલની મિટીંગ મળેલ હતી. જેમાં GST દરોને માત્ર ૫% અને ૧૮% ના બે સ્લેબ કરવાના "Next Generation GST Reforms" તરીકેનો મહત્વનો નિર્ણય લીધેલ અને તેમાં ઘણી બધી રાહત આપેલ છે. તે ખરેખર આવકારદાયક છે. ત્યારે GST માં થયેલા ફેરફારોને સમજવા અને તેનું કઈ રીતે અમલીકરણ કરી શકાય તે માટે આ અવરનેશ સેમીનારનું આયોજન કરેલ છે. તેમજ રાજકોટ ચેમ્બર અવાર–નવાર વિવિધ સેકટરને લગતા નિ:શુલ્ક સેમીનારો યોજે છે તો તેનો લાભ લેવા અનુરોધ કરેલ.

CGST રાજકોટ ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી કમિશ્નરશ્રી નંગસ નાથાભાઈએ જણાવેલ કે, GST કાઉન્સીલ દ્વારા GST ના દરોમાં જે ફેરફારો કરેલ છે તેનું અમલીકરણ આગામી તા.૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ થી થનાર છે. ત્યારે તેમાં વિવિધ પરીપત્રો જાહેર કરવામાં આવ્યા છે અને હજુ પણ નવા પરીપત્રો પણ આવશે. ખાસ કરીને ૫% અને ૧૮% ના સ્લેબમાં

સમાવેશ થતી વિવિધ આઈટમો અંગે માહિતી આપતા સામાન્ય નાગરીક, ઉદ્યોગો, કૃષિ અને ખેડુતો, આરોગ્ય વિગેરે ઉપર ધ્યાન કેન્દ્રીત કરાયેલ છે. તેમજ ઘણી ચીજ–વસ્તુઓને GST માંથી મુકિત આપેલ છે. આમ વિવિધ સેકટરોને થયેલ ફાયદાઓ અંગે પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા તેઓએ માહિતી આપેલ હતી અને વેપાર–ઉદ્યોગકારોને કોઈપણ મુશ્કેલી કે સમસ્યા હોય તો CGST ઓફિસનો સંપર્ક કરવા જણાવેલ. ત્યાર બાદ શ્રોતાગણો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે અધિકારશ્રીઓ દ્વારા યોગ્ય પ્રત્યુતર આપી નિરાકરણ લાવવા પ્રયાસ કરેલ. સમગ્ર સેમીનારનું સંચાલન રાજકોટ ચેમ્બરના માનદ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ તેમજ ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ ઉપસ્થિત અધિકારીશ્રીઓ અને વેપાર–ઉદ્યોગકારમિત્રોનો આભાર વ્યકત કરી GST અંગે અથવા બીજા કોઈપણ સેકટરને લગતા પ્રશ્નો–સુચનો હોય તો રાજકોટ ચેમ્બરને મોકલી આપવા અનુરોધ કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજકોટ શહેરમાં વાહન ચાલકો માટે હેલ્મેટના ફરજીયાત અમલીકરણને મુલત્વી રાખવા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી તથા ગૃહમંત્રીશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

આગામી તા.૮ સપ્ટેમ્બર ૨૦૨૫ થી રાજકોટ શહેરમાં વાહન ચાલકો માટે આગાળ અને પાછળ બન્ને સવારીઓ માટે હેલ્મેટ પહેરવું ફરજીયાત કરવામાં આવનાર છે. ગુજરાત હાઈકોર્ટના આદેશનું પાલન કરવુ તે યોગ્ય છે. પરંતુ રાજકોટ શહેરી વિસ્તારમાં ટ્રાફિકને નિયંત્રીત કરવા માટે સીગ્નલ પોઈન્ટ અને સ્પીડ બ્રેકર જેવી વ્યવસ્થાઓ ઉપલબ્ધ છે અને વાહન ચાલકોની ગતી માત્ર ૨૦ થી ૩૦ કી.મી. સુધીની જ હોય અકસ્માતના સંજોગો નહીવત રહે છે. આમ શહેરી વિસ્તારમાં લોકોને હેલ્મેટ પહેરી વાહન ચલાવવું ખુબ જ ભયજનક લાગી રહયું છે. ખાસ કરીને ડાયાબીટીસ, અસ્થમા, હાઈબીપી વગેરે જેવી ગંભીર બીમારી ધરાવતા લોકો માટે હેલ્મેટનો ઉપયોગ નુકશાનકારક સાબિત થઈ શકે છે. તેથી આ હેલ્મેટના કાયદાનું અમલીકરણ શહેરી વિસ્તારની બહાર રાષ્ટ્રિય ધોરીમાર્ગ પર જ લાગુ કરવો અને તે માટે દંડની જોગવાઈ રાખવી.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી તથા ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજી સમક્ષ હાલની પરિસ્થિતી તેમજ વેપારીઓ અને આમજનતાની લાગણીઓને માન આપી રાજકોટ શહેરમાં આગામી તા.૮ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ વાહન ચાલકો માટે હેલ્મેટનું અમલીકરણ મુલત્વી રાખવા રજુઆત કરવામાં આવેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા GST ના દરોમાં ફેરફાર કરી માત્ર બે જ સ્લેબ રાખવાના GST કાઉન્સીલના મહત્વના નિર્ણયને સહર્ષ આવકાર...

દેશના યશસ્વી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા સ્વતંત્રપર્વના દિવસે GST માં મોટા બદલાવની જાહેરાત કરી હતી. ત્યારે ગત તા.૦૩–૦૯–૨૦૨૫ ના રોજ કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સીતારામનજીની અધ્યક્ષતામાં ૫૬મી GST કાઉન્સીલની મિટીંગ મળેલ હતી. જેમાં GST દરોને માત્ર ૫% અને ૧૮% ના બે સ્લેબ કરવાના "Next Generation GST Reform" તરીકેના મહત્વના નિર્ણયને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ સહર્ષ આવકારે છે. સાથો માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી, નાણામંત્રીશ્રી તેમજ

ગુજરાત સરકારશ્રીને અભિનંદન સાથે આભારની લાગણી વ્યકત કરે છે. આ નવા GST દરની અમલવારી આગામી ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ થી લાગુ કરવામાં આવનાર છે ત્યારે GST સ્લેબ અને દરોમાં ફેરફાર થવાથી દેશના દરેક નાના થી લઈને મોટા સુધીના તમામ વર્ગોને લાભ થશે. સાથો સાથ MSME ને બુસ્ટ મળશે તેમજ ઈન્ફ્રાસ્ટ્રકચર, એગ્રીકલ્ચર, ઓટોમોબાઈલ્સ તેમજ હેલ્થકેર અને ફાર્માસ્યુટીકલ જેવા તમામ સેકટરોને ખુબ જ ફાયદો થશે.

જુલાઈ ૨૦૧૭ થી GST કાયદાનું અમલીકરણ કરવામાં આવેલ ત્યારથી તેમાં રહેલી વિસંગતતાઓ અને વેપાર–ઉદ્યોગકારોને પડતી મુશ્કેલીઓનું યોગ્ય નિરાકરણ લાવવા માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્ર તથા રાજય સરકારશ્રી સમક્ષ રૂબરૂ તેમજ લેખીત અનેકવાર રજુઆતો કરવામાં આવેલ હતી અને મહદઅંશે તેમાં સફળતા પણ મળેલ છે. તેમજ અગાઉ તા.૨૧–૦૬–૨૦૨૪ ના રોજ ન્યુદિલ્હી ખાતે કેન્દ્રીય નાણામંત્રીશ્રી નિર્મલા સીતારામનજીની અધ્યક્ષતામાં મિટીંગ મળેલ હતી તેમાં પણ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ ઉપસ્થિત રહીને GST ને લગતા વિવિધ પ્રશ્નો તેમજ ચાર સ્લેબમાંથી માત્ર ૫% અને ૧૪% એમ બે સ્લેબ રાખવાની રજુઆત કરેલ હતી. આમ આ રજુઆતનો સ્વીકાર થયેલ છે અને GST માં માત્ર બે જ ૫% અને ૧૮% ના સ્બેલ રાખવાના સરકારશ્રીના આ નિર્ણયને આવકારી અભિનંદન સાથે આભારની લાગણી વ્યકત કરવામાં આવેલ.

## અમેરીકા સાથે ચાલી રહેલ ટેરીફ વોરમાં નિકાસકારોને રાહતની સાથે વધુ વેગવંતુ બનાવવા માટે અલગ–અલગ સ્કીમોનું અમલીકરણ કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્ર સરકારશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

ભારત દેશ નિકાસક્ષેત્રે ખુબ જ નોંધપાત્ર પ્રગતિ કરી રહી રહયું છે તેમજ સરકારશ્રી દ્વારા નિકાસકારોને ખુબ જ પ્રોત્સાહન આપવામાં આવી રહયું છે. ત્યારે હાલમાં અમેરીકા સાથે ચાલી રહેલ ટેરીફ વોરમાં નિકાસકારોને રાહતની સાથે વધુ વેગવંતુ બનાવવા તેમજ અન્ય દેશોમાં ઉદ્યોગોને વિકસાવવા માટે વિવિધ સ્કીમોનું અમલીકરણ કરવા માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી, વાણિજય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજી તથા સાંસદ સભ્યશ્રી પરષોતમભાઈ રૂપાલાજીને નીચે મુજબ વિવિધ રજુઆતો કરવામાં આવેલ છે.

(૧) નિકાસકારો દ્વારા કરવામાં આવેલ પ્રી અને પોસ્ટ શીપમેન્ટ નિકાસ માટે લેવાય લોન અંતર્ગત ૩% વ્યાજ સહાય પુરી પાડતી Interest Equalization Scheme સ્કીમ ૩૧–૧૨–૨૦૨૪ ના રોજ પુર્ણ થઈ ગઈ છે. જે તાત્કાલીક ફરી શરૂ કરી તા. ૦૧–૦૧–૨૦૨૫ થી તેના લાભો આપવા.

(૨) જુની મશીનરી ખરીદનાર નવા ઉદ્યોગ સાહસીકોને કોઈપણ બેન્કમાંથી વર્કિંગ કેપીટલ મળતી નથી. જેના કારણે તેઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહી છે. કારણ કે, તેઓએ મશીનરી લોનનો લાભ લીધો નથી. આથી મશીનરી લોનનો આગ્રહ રાખ્યા વગર તેઓને વર્કિંગ કેપીટલ મળવી જોઈએ.

(૩) સરકારશ્રી દ્વારા ચોકકસ સિસ્ટમ વ્યાખ્યાતી કરી છે જેમ કે, નિકાસકારો માટે EDPMS અને આયાતકારો માટે IDPMS. આ સિસ્ટમો દરેક નિકાસ અને આયાતને ટ્રેક કરે છે. પરંતુ નિકાસકારો–આયાતકારો આ સિસ્ટમમાં સીધા જ પોતાનો ડેટા ચકાસી શકતા નથી. આ અવરોધનું તાત્કાલીક નિરાકરણ લાવવું જરૂરી છે. જેથી કરીને તેમાં ભુલો સુધારી કરી શકાય, ચુકવણીઓ મેળવી શકાય અને નિયમોનું પાલન કરી શકાય.

(૪) નિકાસકારો દ્વારા આંતરરાષ્ટ્રિય સ્તરે એકઝીબીશન, સેમીનારો, ટ્રેડ ફેર તેમજ અન્ય નિકાસ સબંધીત હેતુઓમાં ભાગ લેવા માટે નાણાકીય સહાય આપવી. તેમજ નિકાસકારો દ્વારા ભાગ લીધેલા એકઝીબીશનો, ટ્રેડ ફેર વિગેરેની સંખ્યાને ધ્યાનમાં લીધા વગર આવા ખર્ચની ભરપાઈ કરવી. જેથી કરીને નિકાસને વધુ વેગ મળે અને સ્પર્ધાત્મકતાને વધુ મજબુત બનાવી શકાય.

(૫) મોરકકો, ઈજિપ્ત, અલ્જેરીયા વિગેરે જેવા ઉત્તર આફ્રિકાના દેશો સાથે ફોરેન ટ્રેડ એગ્રીમેન્ટ કરવા હાલના સમયમાં ખુબ જ જરૂરી છે. ખાસ કરીને વર્તમાન વૈશ્વીક પરિસ્થિતીને ધ્યાનમાં લેતા આવા ફોરેન ટ્રેડ એગ્રીમેન્ટ નિકાસકારોને ખુબ જ પ્રોત્સાહન આપશે.

(૬) મર્ચેટીંગ ટ્રેડ ટ્રન્ઝકેશન (MTT) માં એક ખાસ પ્રકારનો વૈશ્વીક વેપાર સામેલ છે. જયાં માલ ભારતના કસ્ટમ્સ ક્ષેત્રમાં પ્રવેશ્યા વગર સીધા એક વિદેશી દેશમાંથી બીજા દેશમાં જાય છે. ખાનગી બેન્કો દ્વારા જરૂરી વ્યવહારો યોગ્ય સમયે થતા નથી અને રાષ્ટ્રિકૃત બેન્કોમાં ઘણી પ્રક્રિયાઓનું પાલન કરવું પડે છે. તો આવા કેસોમાં સમગ્ર વ્યવહાર પ્રક્રિયા સરળ કરવી જોઈએ. કારણ કે, સ્વાભાવીક રીતે નિકાસકારો દ્વારા ડોલરના કન્વર્ઝન રેટમાં મેળવેલ નફો ભારત દેશમાં થવાનો છે. તેથી આવા વેપારને મંજુરી આપવી જોઈએ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મુંદ્રા પોર્ટ પર કન્ટેઈનરોના ચેકિંગ–નિરીક્ષણ દરમ્યાન નિકાસકારોને ભોગવવી પડતી મુશ્કેલીઓનું તાત્કાલીક નિરાકરણ લાવવા અમદાવાદ ચીફ કમિશનર ઓફ કસ્ટમ્સની અધ્યક્ષતામાં મળેલ વોચડોગ કમિટીની મિટીંગમાં રજુઆત કરવામાં આવેલ...



તાજેતરમાં અમદાવાદ–ચીફ કમિશનર ઓફ કસ્ટમ્સની અધ્યક્ષતામાં વોચડોગ કમિટીની મિટીંગ યોજવામાં આવેલ હતી. જેમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા ઓનલાઈન જોડાઈ નિકાસકારોને પડતી મુશ્કેલીઓ અંગે વિવિધ રજુઆતો કરવામાં આવેલ હતી.

જેમાં ખાસ કરીને નિકાસકારો દ્વારા વિશ્વના અનેક દેશોમાં માલની નિકાસ કરવામાં આવી રહી છે. તેમજ નિકાસનું પ્રમાણ પણ દિન–પ્રતિદીન વધી રહયું છે. ત્યારે પ્રવર્તમાન પ્રક્રિયા મુજબ, ચેકિંગ/નિરીક્ષણ માટે પસંદ કરાયેલ કન્ટેઈનરને ટર્મીનલ્સથી CFS માં ખસેડવામાં આવે અને CFS થી ટર્મીનલ પર પરત ફેરવવામાં આવે. જેનાથી ડિસ્પેચમાં ખુબ જ વિલંબ થાય છે અને સમય, નાણાં અને પ્રતિષ્ઠાને નુકશાન પહોંચાડે છે. વધુમાં નિકાસકારોને બુકિંગ સુધારા ચાર્જ, શટ આઉટ ચાર્જ, આગામી નવી શીપના ભાડામાં વધારો, સ્ટોરેજ ચાર્જ, MICT CFS ચાર્જ, ડોકયુમેન્ટ ચાર્જ અને થર્ડ પાર્ટી દંડ જેવા વિગેરે સામે ખુબ જ મોટી રકમ ચુકવવી પડે છે. એક શિપીંગ બીલમાં બે અથવા વધારે કન્ટેઈનર હોય છે અને નિરીક્ષણ માટે એક કન્ટેઈનર પસંદ કરવાના કિસ્સામાં નિકાસકારોને નિરીક્ષણ માટે પસંદ કરાયેલ કન્ટેઈનર સાથે ચોકકસ શીપીંગ બીલમાં સમાવિષ્ટ બાકીના બધા કન્ટેઈનરો પાછા મોકલવાની ફરજ પડે છે. આ સૌથી પ્રતિકુળ અસર કરતી પ્રક્રિયા છે કારણ કે, નિકાસકારને નિરીક્ષણ માટે પસંદ કરાયેલ ન હોય તેવા સમાન શીપીંગ બીલમાં દર્શાવવામાં આવેલ અન્ય તમામ કન્ટેઈનરોનો સ્થળાંતરનો ખર્ચ ભોગવવો પડે છે અને આર્થિક નુકશાન પણ આવે છે. તેથી માત્ર ટર્મીનલ ઉપર જ નિરીક્ષણ પ્રક્રિયા હાથ ધરવા અને ચકાસણી માટે પસંદ કરાયેલા કન્ટેઈનરો તે જ શીપમાં મોકલવાની તાત્કાલીક વ્યવસ્થા કરવી.

સાથો સાથ ટર્મીનલ હેન્ડલીંગ ચાર્જ (THC) એ શિપીંગ ટર્મીનલ દ્વારા કન્ટેઈનરને શીપ ઉપર લોડ કરતા પહેલા સંગ્રહ અને સ્થાન આપવા માટે લેવાતી ફી છે. કેટલાક કિસ્સાઓમાં ટર્મીનલ હેન્ડલીંગ ચાર્જ (THC) એ કન્ટેઈનરોના દર કરતા પણ ખુબ જ વધારે વસુલવામાં આવી રહયો છે. જે નિકાસકારોના માલના સંગ્રહ ખર્ચ ઉપર અસર પડે છે. આમ નિકાસકારોને આર્થિક રાહત આપવા માટે તેને નિયંત્રીત કરવા રજુઆત કરવામાં આવેલ હતી. આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રજુ કરવામાં આવેલ વિવિધ મુદાઓ અંગે અમદાવાદ ચીફ કમિશ્નર ઓફ કસ્ટમ્સએ હકારાત્મક અભિગમ દાખવી યોગ્ય નિરાકરણ લાવવા ખાત્રી આપેલ હતી.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા SGST રાજકોટના સંયુકત ઉપક્રમે "જીએસટી અંગે મુંજવતા પ્રશ્નો" અંગે માર્ગદર્શક સેમીનારનું આયોજન કરવામાં આવેલ...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા SGST રાજકોટના સંયુકત ઉપક્રમે "જીએસટી અંગે મુંજવતા પ્રશ્નો" અંગે માર્ગદર્શક સેમીનારનું તા.૧૧–૦૮–૨૦૨૫, સોમવારના રોજ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં SGST રાજકોટના જોઈન્ટ કમિશ્નરશ્રી એમ.એ. પટેલ, ડેપ્યુટી કમિશ્નર(એનફોર્સમેન્ટ)શ્રી અજયરાજ જનકાંત તથા રેન્જ–૨૨ ના ડેપ્યુટી કમિશ્નરશ્રી આઈ. આર. પટેલ ઉપસ્થિત રહયા હતા.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સૌને આવકારી રાજકોટ ચેમ્બર દ્વારા સરકારશ્રીની વિવિધ પોલીસીઓ અંગે વિવિધ સેકટરને લગતા સેમીનારો યોજવામાં આવે છે. ત્યારે બિઝનેશન કરતી વખતે GST માં શું શું તકલીફો પડી રહી છે તેના નિરાકરણ લાવવા માટે આ સેમીનાર યોજેલ છે જે ખુબ જ ઉપયોગી બની રહેશે. તેમજ ઈ–વે બીલમાં કેવી રીતે સરળતાથી કાર્ય કરી પેનલ્ટીથી કઈ રીતે બચવું તેનું માર્ગદર્શન મેળવવું જરૂરી છે. આવનારા દિવસોમાં ભારત દેશ વિકસીત દેશ તરફ આગળ વધી રહયું છે અને અર્થતંત્રમાં આગળ વધી રહયું હોય ત્યારે વેપાર–ઉદ્યોગકારોના પ્રશ્નો માટે રાજકોટ ચેમ્બર કેન્દ્ર તથા રાજય સરકારમાં રજુઆતો કરીને યોગ્ય નિરાકરણ લાવવા માટે હર હંમેશ પ્રયત્નશીલ રહેશે.

SGST રાજકોટના જોઈન્ટ કમિશ્નરશ્રી એમ. એ. પટેલએ આજનો આ સેમીનારનું આયોજન કરવા બદલ આભારની લાગણી વ્યકત કરતા જણાવેલ કે, GST અંતર્ગત વેપાર–ઉદ્યોગકારોને નાના મોટા ઘણાં પ્રશ્નો ઉદભવતા હોય છે. તેનું નિરાકરણ લાવીશું તેમજ નીતિ વિષયક પ્રશ્નો માટે સરકારશ્રી સમક્ષ રજુઆત પણ કરીશું. ખાસ કરીને ફેક બીલની ITC ના કારણે નિર્દોષ ઉદ્યોગકારો ભોગ બને છે અને દંડને પાત્ર બને છે ત્યારે તેનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયત્ન કરીશું. આમ GST અંતર્ગત કોઈપણ મુશ્કેલી પડે તો અમારા ડિપાર્ટમેન્ટનો સંપર્ક કરવા અનુરોધ કરેલ.

SGST રાજકોટના સ્ટેટ ટેક્ષ ઓફિસરશ્રી બી. ડી. સાખરાએ ઈ–વે બીલની કાર્યવાહીની માહિતી આપતા જણાવેલ કે, રૂા.૫૦૦૦૦/– થી વધુના માલની હેર ફેર માટે ઈ–વે બીલ ફરજીયાત છે. જેમાં ડિપાર્ટમેન્ટ કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટરમાં કેમેરા અને જીપીએસ દ્વારા ૨૧ મોબાઈલ સ્કોડ ૩૯ ટીમ નિરીક્ષણ કરી રહી છે, લિગલ ફ્રેમવર્ક અંતર્ગત ઈ–વે બીલ સબંધિત સેકશન ૬૮, ૧૨૯, ૧૩૦, રૂલ ૧૩૮ અંગે, ઓનલાઈન ઈ–વે બીલ કેવી રીતે જનરેટ કરવું અને તેમા કેવી સાવચેતી રાખવી, માલ પરીવહન માટેની સાવચેતી, MS Team દ્વારા અનુસરવામાં આવતી સંચાલન પ્રવૃતિ, વાહનની ઈન્ટરસેપ્શન સંબંધિત અધિકારીની પ્રક્રિયા માટેના વિવિધ ફોર્મ્સ જેવા મુદાઓ અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપેલ.

SGST રાજકોટના આસીસટન્ટ કમિશ્નરશ્રી સી.એલ. પટેલએ એસેમેન્ટની કાર્યવાહી અને સબંધિત ચર્ચાઓ કરતા જણાવેલ કે, એસેસમેન્ટના વિવિધ પ્રકારો જેવા કે, સેલ્ફ એસેસમેન્ટ, રી–એસેમેન્ટ, પ્રોવીઝનલ એસેમેન્ટ, સમરી એસેસમેન્ટ તથા બેસ્ટ જજમેન્ટ એસેમેન્ટનો સમાવેશ થાય છે અને તેની પ્રક્રિયા કેવી રીતે કરવી, જોખમ માપદંડ અને વિવિધ અહેવાલોના આધારે કેસોની પસંદગી, કરદાતાઓને સુચના અને શો–કોઝ નોટીસની જાણકારી, RUD અને વ્યકિતગત સુનવણીની જોગવાઈ, ડિમાન્ડ ઓર્ડર/ડ્રોપ ઓર્ડર જારી કરવા, ઓર્ડરમાં સુધારો જો કોઈ હોય તો જેવા વિવિધ મુદાઓ અંગે પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપેલ. ત્યારે બાદ ઉપસ્થિત શ્રોતાગણો દ્વારા પુછાયેલ પ્રશ્નોનો અધિકારીશ્રીએ યોગ્ય પ્રત્યુતર આપેલ હતું. સેમીનારના અંતે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ અધિકારીશ્રીઓ તથા વેપાર–ઉદ્યોગકારોનો સેમીનારમાં ઉપસ્થિત રહેવા બદલ આભારની લાગણી વ્યકત કરી GST અંગે અથવા કોઈપણ સેકટરને લગતા પ્રશ્નો–સુચનો હોય તો રાજકોટ ચેમ્બરને મોકલી આપવા અનુરોધ કરેલ. તેમજ સમગ્ર સેમીનારનું સંચાલન માનદ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓ દ્વારા નવ નિયુકત DRM શ્રી ગિરીરાજ કુમાર મીનાની શુભેચ્છા મુલાકાત લીધેલ...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા તથા શ્રી કુમનલાલ વરસાણીએ રાજકોટ ડિવીઝનના નવ નિયુકત ડિવીઝનલ રેલ્વે મેનેજરશ્રી ગિરીરાજ કુમાર મીનાની શુભેચ્છા મુલાકાત લઈને હાર્દિક અભિનંદન પાઠવેલ હતા. તેમજ આવનારા દિવસોમાં રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી હર હંમેશ સહયોગ આપતું રહે છે તેવી લાગણી વ્યકત કરી હતી.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા PGVCL ના એમડીશ્રી કેતન જોશી સાહેબની અધ્યક્ષસ્થાને તથા વિવિધ સબ ડિવીઝનના અધિકારીશ્રીઓ સાથે પીજીવીસીએલ અને જેટકોને લગતા વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે ઓપન હાઉસનું આયોજન કરવામાં આવેલ... જેમાં બહોળી સંખ્યામાં વેપાર–ઉદ્યોગકારો ઉપસ્થિત રહયા હતા.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા PGVCL ના એમડીશ્રી કેતન જોશી સાહેબ, જેટકોના ચીફ એન્જીનીયર પી. કે. વરસડા, ચીફ એન્જીનીયરશ્રી પી. જે. મહેતા, એડી.ચીફ એન્જીનીયરશ્રી કે.બી. શાહ, જીએમ ફાઈનાન્સશ્રી કે. એસ. મલકાણ, જીઆઈડીસના એકઝીકયુટીવ એન્જીનીયરશ્રી પારસ શાહ તથા વિવિધ સબ ડિવીઝનના સિનિયર અધિકારીશ્રીઓ સાથે પીજીવીસીએલ તથા જેટકોને લગતા વિવિધ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા માટે તા.૦૭–૦૮–૨૦૨૫ ના રોજ પીજીવીસીએલ, કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, રાજકોટ ખાતે ઓપન હાઉસ યોજવામાં આવેલ હતું. જેમાં બહોળી સંખ્યામાં વિવિધ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના હોદેદારો તથા અરજદારો ઉપસ્થિત રહયા હતા.




રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ પ્રથમ એમડીશ્રી કેતન જોશી સાહેબને બુકે આપી સ્વાગત કરેલ તેમજ ચીફ એન્જીનીયરશ્રી પી. જે. મહેતાને શ્રી નરેન્દ્રસિંહ જાડેજા અને શ્રી અશોકભાઈ વિરડીયા બુકે આપેલ અને જેટકોના ચીફ એન્જીનીયર પી. કે. વરસડાને શ્રી અમૃતભાઈ ગઢીયા અને શ્રી કુમનલાલ વરસાણીએ બુકે આપી સન્માન કરીને ઓપન હાઉસ ખુલ્લો મુકી સૌને આવકારતા જણાવેલ કે રાજકોટ ચેમ્બર હરહંમેશ વેપાર–ઉદ્યોગકારો અને આમ જનતાના ઉદભવતા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા માટે હંમેશા અગ્રેસર રહે છે. તેમજ દર છ મહિને વિવિધ ઓપન હાઉસોનું આયોજન કરતું રહે છે. અગાઉ રાજકોટ ચેમ્બર દ્વારા પીજીવીસીએલના પ્રશ્નો માટે ત્રણ જેટલા ઓપન હાઉસ યોજેલ હતા અને તે દરમ્યાન સારો પ્રતિભાવ પણ મળ્યો હતો. ત્યારે અમારી પાસે વેપાર–ઉદ્યોગકારો, અને આમ જનતાને પીજીવીસીએલ તથા જેટકોને લગતી ઘણી ફરીયાદો હોય તેને ધ્યાનમાં લઈ આજરોજ ચોથા ઓપન હાઉસનું આયોજન કરેલ છે. જેમાં રજુ થનાર મહતમ પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે પ્રયાસ કરીશું તેમજ જે નિતી વિષયક પ્રશ્નો હોય તો તે માટે સરકારશ્રી સમક્ષ રજુઆત કરીને વ્હેલીતકે નિરાકરણ લાવીશું.

વધુમાં પ્રમુખશ્રીએ જણાવેલ કે, રાજકોટ ચેમ્બર દ્વારા રાજયના માનનીય ઉર્જામંત્રીશ્રી કનુભાઈ દેસાઈજીની ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત લઈને રજુઆત કરવામાં આવેલ છે કે, પીજીવીસીએલ દ્વારા LT કનેકશન ધારાવતા નાના ઉદ્યોગો ઉપર ઈલેકટ્રીક બીલમાં પાછળથી જુન–૨૦૨૪ થી જુન–૨૦૨૫ સુધીનો પીક અવર્સના LTMD પાવર વપરાશ ઉપર યુનિટ દીઠ–૪૫ પૈસાના વધારાનો ચાર્જ ગણી મસમોટા વધારાના બીલ ઈશ્યું કરેલ છે. તે બીલો રદ કરવા અને કોઈ ચોકકસ નિર્ણય ન આવે ત્યા સુધી અમલવારી મુલત્વી રાખવા પણ ધારાદાર રજુઆત કરેલ છે. જે અંગે ઉર્જામંત્રીશ્રીએ ઘટતું કરવાનું જણાવેલ હતું.

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પીજીવીસીએ તથા જેટકોને લગતા નીચે મુજબના વિવિધ પ્રશ્નો ધ્યાને મુકેલ.**

(૧) નવા ૧૫૦ ફીટ રીંગ રોડ ઉપર ૪૨ માળના હાઈ રાઈઝ–સ્માર્ટ સીટી–રેસીડેન્ટ અને મોલ મોટા પ્રમાણમાં આવતા હોય તેના માટે આગોતરૂ આયોજન કરવું.

(૨) નવા કનેકશન વખતે ઈન્ડસ્ટ્રીઝ તેમજ સોલાર પ્લાન્ટમાં કનેકશન મેળવતી વખતે મટીરીયલની સાથે લાઈનકામમાં ઈન્ડસ્ટ્રીઝને પોતાનું વાપરવું કે ડીસકોમનું વાપરવુંએ માટે ઓપશન આપવામાં આવે છે. તો ઓપશન–૨ નો વિકલ્પમાં કામગીરી વખતે જેટકો અને પીજીવીસીએલ પોતાની જવાબદારીમાં મટીરીયલ ઈન્સ્પેકશન અને લાઈનની કામગીરી સમયસર પુરી કરવી.

(૩) રાજકોટ–સૌરાષ્ટ્રના એરીયામાં ઝડપથી વિકસતા ઉદ્યોગોને મોટા કનેકશનો મેળવવા માટે પડતી મુશ્કેલીઓમાં ૬૬/૧૩૨ કેવી સબસ્ટેશનો તેમજ તેમની વીજ લાઈનો ઓવરલોડ હોવાની ભારપુર્વક રજુઆત કરેલ.

(૪) નવા બનતા સબસ્ટેશનની કામગીરી ખુબજ ધીમી ગતીએ ચાલી રહી છે. જેમા સડકપીપળીયા સબસ્ટેશન, ખીરસરા સબસ્ટેશન, રાણપુર (કુવાડવા), ધર્મજીવન (રીબડા) તો આ કામગીરી ઝડપથી પુરી કરવી.

(૪) ડિવીઝન / સબડિવીઝનમાં રેવન્યુ સર્વે નંબરની દ્રસ્ટીએ સીમાંકન કરવામાં આવેલ હોય જેથી ગ્રાહકોની સાર સંભાળની પ્રક્રિયાઓ ખૂબજ જટીલ મોંઘી અને સમયસર મળી શકતી નથી જે સુધારવું ખૂબજ જરૂરી છે. જેથી બ્રાઉન્ડ્રી એરીયા ફીઝીકલ રોડ, રેલ્વે લાઈન, હાઈવે ડેમના હિસાબે ફીડર ચલાવવા તથા ફેરફાર કરવાની સતા ડિવીઝન અને સબડિવીઝનને આપવામાં આવે જેથી કારણે ફિડરનું ક્રોસીંગ ઘટશે. અકસ્માતો ઘટશે અને પાવર રિસ્ટોર અને ગ્રાહકોની સમસ્યાનું નિરાકણ વ્હેલાસર થશે અને DISCOM ને ખર્ચનું ભારણ ઘટશે.

(૫) હાલ ચોમાસાની સિઝન શરૂ થયેલ હોય તેમજ દરેક સબડિવીઝનમાં મીટર, લાઈન કામગીરી, સર્વિસ કેબલ જેવી વસ્તુઓનો અભાવ હોય એ અંગે યોગ્ય કરવું.

(૬) રાજકોટ રૂરલ સર્કલમાં આવતા વિવિધ સબડિવીઝનોમાં નવા વિકસતા ઔદ્યોગીક એરીયામાં કનેકશન અને ફીડરની સંખ્યાને ધ્યાને લઈ માલ મટીરીયલ અને મેઈન્ટેનન્સ માટે વાહન ફાળવવા અને શકય હોય ત્યાં અલગ સબડિવીઝનની અથવા ફોલ્ટ સેન્ટરની વ્યવસ્થા કરવી જોઈએ.

(૭) એચ.ટી. વિજજોડાણમાં હાલ ફીકસ ચાર્જ અમલ હોય તેવા સંજોગોમાં અંડરગ્રાઉન્ડ કેબલ ચાર્જ કવોટેશનમાં બીનજરૂરી લગાવવામાં આવે છે. આવા કામો અગાઉ પીજીવીસીએલ દ્વારા સલામતીને ધ્યાને લઈને થવા જોઈએ તે થતા નથી.

(૮) જુના ખેતીવાડી ફીડરોમાં મેઈન્ટેનન્સ ના અભાવના કારણે ખેતીવાડીમાં પુરતો ૮ કલાક પાવર પણ મળતો નથી. જેથી ટાઈમસર મેઈન્ટેનન્સ કરવું જરૂરી છે.

(૯) ગોંડલ ડીવીઝન નીચે આવતા સબ ડીવીઝન ભુણાવા, AG (જુના કોટડા) ફીડર વારંવાર રજૂઆત કરવા છતા પણ મેન્ટેનન્સ થતુ નથી.

(૧૦) હાલ વિકસીત ભારત અને રીન્યુએબલ એન્ર્જી માટે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા કામગીરી માટેની પોલીસી ચાલુ હોય ત્યારે કોર્પોરેટ તથા ડીસ્કોમની વિવિધ કચેરીઓના કામકાજનો ભારણ ખુબ જ હોય માટે નીચે મુજબની વ્યવસ્થા ગોઠવી યોગ્ય કરવા ભલામણ છે.

જે સોલાર પ્લાન્ટ ચાલુ થઈ ગયેલા છે કે થવાના હોય તેમા સોલાર પ્લાન્ટ કંપની પી.જી.વી.સી.એલને Operation and Maintance ચાર્જ ચુકવણી કરે છે. તેની સામે પી.જી.વી.સી.એલ ઓફિસ લાઈન મેઈન્ટેનન્સ કરતી નથી. હાલ લાઈન મેન્ટેનન્સ જે તે સોલાર જનરેટર જ કરે છે.

સોલાર પ્લાન્ટ ફીડરમાં કોઈ રીપેરીંગ કે મેઈન્ટેનન્સ માટે જો LC લેવાની થાય તો તે વિલંબથી મળે છે. અથવા LC રીટર્ન કરવાની થાય તો પણ વિલંબથી થાય છે. LC લેવા કે આપવા માટે જવાબદાર વ્યકિતની નિમણુંક કરવામાં આવે.

પીજીવીસીએલના એમડીશ્રી કેતન જોશી સાહેબએ રાજકોટ ચેમ્બર દ્વારા રજુ કરાયેલ વિવિધ પ્રશ્નો–સુચનો અંગે હકારાત્મક અભિગમ દાખવેલ હતો. તેમજ વીજ સપ્લાય માટે ઉદ્યોગકારોને કોઈપણ જાતની મુશ્કેલી ન પડે તે માટે હંમેશા પ્રયત્નશીલ રહીશું. તેમજ ટ્રીપીંગની સમસ્યા માટે બોર્ડમાં ટેન્ડર મંજુર કરાવેલ છે અને ૯ જેટલા વિભાગોમાં વહેંચી પાયલોટ પ્રોજેકટ હાથ ધરેલ છે જેનાથી ટીંપીંગની સમસ્યાનું નિરાકરણ લાવી શકાશે. તેમજ પીજીવીસીએલ દ્વારા સ્કાડા પ્રોજેકટ પણ હાથ ધરેલ છે જેમાં ઉદ્યોગકારોની સમસ્યા ડાયરેકટ અમોને ખબર પડી જશે અને તુરંત નિરાકરણ લાવી શકાશે. વધુમાં ગ્રામ્ય માટેનો પ્રોજેકટ પણ અમલીકરણ કરવાનો પ્રયાસ જેનાથી ઉદ્યોગકારોના મહતમ પ્રશ્નોનું નિરાકરણ આવી જશે. આમ પીજીવીસીએલ અને જેટકો બન્ને પાવર સપ્લાય માટે કામ કરી રહયું છે ત્યારે કન્ઝયુમરને પાવરની કોઈપણ જાતની ફરીયાદ ન રહે તે માટે હંમેશા પ્રયાસ કરાશે તેમજ ગ્રાહકોને કોઈપણ પ્રશ્ન હોય તો સોમવાર અને ગુરૂવારના રોજ ૧૧ થી ૬ દરમ્યાન સંપર્ક કરવા અનુરોધ કરેલ.

ત્યાર બાદ વિવિધ એસોસીએશનોના પ્રતિનિધિઓ તથા અરજદારો દ્વારા પોત પોતાના વ્યકિતગત પ્રશ્નોની રજુઆતો કરવામાં આવેલ હતી. આમ આ ઓપન હાઉસમાં એમડી સાહેબએ તમામના પ્રશ્નોને શાંતિપુર્વક સાંભળી અને હકારાત્મક અભિગમ દાખવેલ હતો. તેમજ રાજકોટ ચેમ્બરએ મધ્યસ્થી રહી આ ઓપન હાઉસમાં મોટાભાગના પ્રશ્નોનું પીજીવીસીએલના એમડીશ્રી તથા અધિકારીશ્રીઓએ સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવેલ હતું અને રાજકોટ ચેમ્બરની આ કામગીરીને વધાવેલ હતી.

કાર્યક્રમના અંતે રાજકોટ ચેમ્બરના પુર્વ પ્રમુખશ્રી શિવલાલભાઈ બારસીયાએ ઓપન હાઉસનું આયોજન કરવા બદલ મેનેજીંગ ડિરેકટરશ્રી, અધિકારીશ્રીઓ તેમજ ઉપસ્થિત વિવિધ એસોસીએશનોના પ્રતિનિધિઓ અને આમ જનતા પ્રત્યે આભારની લાગણી વ્યકત કરેલ હતી. તેમજ આ ઓપન હાઉસને સફળ બનાવવા માટે શ્રી અશોકભાઈ વિરડીયાએ જહેમત ઉઠાવેલ હતી. ઓપન હાઉસ અતિ સફળ થયેલ હોય શાપર–વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનના પ્રમુખશ્રી અમૃતભાઈ ગઢીયા, લોધિકા જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસોસીશેનના પ્રમુખશ્રી નરેન્દ્રસિંહ જાડેજા, રાજકોટ ચેમ્બરના ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ સરાહનીય પગલું ગણેલ હતું.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ ઔદ્યોગીક નીતિ–૨૦૨૦ હેઠળ વેપાર, વાણિજયીક અને સેવાક્ષેત્રના વિકાસ માટે ટાસ્ક ફોર્સ કમિટિની મિટીંગમાં ઉપસ્થિત રહી ઔદ્યોગીક નીતિને લગતા વિવિધ પ્રશ્નો–સુચનો રજુ કરેલ...

ઔદ્યોગીક નીતિ–૨૦૨૦ ની મુદત તા.૦૬–૦૮–૨૦૨૫ ના રોજ પુર્ણ થનાર હોય, આગામી સમયમાં ગુજરાત રાજયની ઔદ્યોગીક નીતિ કેવા પ્રકારની હોઈ શકે તે માટે હાલની ઔદ્યોગીક નીતિ હેઠળની વેપાર, વાણિજયીક અને સેવાક્ષેત્રના વિકાસ માટેની યોજનાઓનો અભ્યાસ અને તેની સમીક્ષા કરી યોગ્ય ભલામણ કરવા ઉદ્યોગ કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં ટાસ્ક ફોર્સ કમિટિની મિટીંગનું તા.૨૮–૦૭–૨૦૨૫ ના રોજ ઉદ્યોગ ભવન, ગાધીંનગર ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ ઉપસ્થિત રહીને નીચે મુજબના પ્રશ્નો–સુચનો રજુ કરવામાં આવેલ હતા.

**(૧)** રાજય સરકાર દ્વારા નવી ઔદ્યોગીક નિતી–૨૦૨૨ અમલમાં મુકેલ હોય જેમાં માત્ર માઈક્રો યુનીટોને (૧ કરોડ સુધીના રોકાણકારોને) જ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી ૧૦% મળવાપાત્ર થાય છે. તેની અપર લીમીટ ૩૦ લાખ સુધી વધારી આપવા તેમજ આત્યારની કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી જે ૧૦% માઈક્રો યુનીટને ૧ કરોડ સુધી પ્લાન્ટ/મશીનરીના રોકાણ સુધીનાઓને આપવામાં આવે છે જે લીમીટ ૨.૫ કરોડ કરીને તાત્કાલીક અમલમાં લેવી.

**(૨)** ગુજરાતની નવી ઔદ્યોગીક નિતીમાં તાલુકાઓની કેટેગરીમાં ફેરફાર કરવો ખુબ જ જરૂરી છે. હાલની પોલીસીમાં કેટેગરી ૧, ૨, ૩ પ્રમાણે સબસીડી અને વ્યાજ સહાય આપવામાં આવે છે. જેના કારણે ઘણા તાલુકાઓને અન્યાય થતો હોય તેવું જણાય છે. આમ જે અગાઉની પોલીસી મુજબ કોર્પોરેશનની હદની અંદર અને કોર્પોરેશનની હદની બહાર આવતા એકમોને સબસીડી અને વ્યાજ સહાય મળવાપાત્ર થતી હતી તે મુજબ ફેરફાર કરવા અનુરોધ કરીએ છીએ. જેથી હાલના કાર્યરત અને નવા સ્થપાતા ઉદ્યોગોને સરકારના તમામ લાભો મળવાપાત્ર થાય. જેથી MSME એકમોને ફાયદો થશે.

**(૩)** ડિફેન્સ એન્ડ એરોસ્પેસ પોલીસીને બુસ્ટ આપવા માટે કેન્દ્ર તથા રાજય સરકાર આ સેકટરને ખુબ જ પ્રોત્સાહીત કરી રહયું છે. ત્યારે આવનારા દિવસોમાં ચારેય બાજુ યુધ્ધની પ્રવર્તમાન પરિસ્થિતી સર્જાયેલ હોય, રાજકોટ એ ડિફેન્સ અને એરોસ્પેસના ઘણા બધા પાર્ટસનું ઉત્પાદન કરી રહયું છે. હાલ ડિફેન્સ અને એરોસ્પેસ પોલીસીમાં જંત્રીના ૨૫% મુજબ જગ્યા આપવામાં આવે છે પણ તે માત્ર માંડવી અને તે બાજુ આપવામાં આવે છે. જેના બદલે રાજકોટ ડિફેન્સ અને એરોસ્પેસનું હબ હોય રાજકોટ જીલ્લાને પણ ફાળવવામાં આવે તો રાજકોટની અંદર ડિફેન્સ અને એરોસ્પેસમાં સારૂ એવું ડેવલોપમેન્ટ થઈ શકે તેમ છે. તેમજ ભારત સરકારની ડિફેન્સ અને એરોસ્પેસના સાધનો એકસપોર્ટ કરવાની જે નેમ છે એ નેમને સાર્થક કરવામાં રાજકોટ સહભાગી બની રહેશે. તેથી તાત્કાલીક અસરથી ડિફેન્સ અને એરોસ્પેસ પોલીસીમાં રાજકોટ જીલ્લાનો સમાવેશ કરી જંત્રીના ૨૫% દરે જમીન ફાળવવા અનુરોધ કરીએ છીએ. જેથી કરીને ઉદ્યોગોને વેગ મળે.

**(૪)** સરકાર દ્વારા જી.આઈ.ડી.સી.ને જે કિંમતે જગ્યા ફાળવવામાં આવે છે તેમાં જી.આઈ.ડી.સી. તેમનો ડેવલોપમેન્ટ ચાર્જ ઉમેરાતા તે જગ્યાની કિંમત માર્કેટ વેલ્યુ કરતા પણ વધારે થઈ જાય છે. જે ઉદ્યોગકારોને કોઈપણ સંજોગોમાં પોસાય તેમ નથી. તેમજ બાજુમાં જ પ્રાઈવેટ પાર્ટીઓ નીચા ભાવે જમીન વેચે છે જેથી પાર્ક કે જી.આઈ.ડી.સી. ડેવલોપમેન્ટ થઈ શકતા નથી અને આવા ઉદ્યોગોને પ્રોત્સાહન મળતું નથી. જેથી આવી ઈન્ડસ્ટ્રીને બુસ્ટ આપવા માટે આવા પાર્ક કે જીઆઈડીસી બનાવવા માટે સરકારે ઉદારનીતી દાખવી જમીનની કિંમત જંત્રીના દર સાથે સરખાવીને ટોકન દરે જગ્યા ફાળવણી કરવામાં આવે તો ઔદ્યોગીક વિકાસ શકય બનશે અને સરકારને પણ રેવન્યુંની આવક વધશે.

**(૫)** રાજકોટમાં હાલમાં કાર્યરત તેમજ નવા સ્થપાતા MSME એકમોનો વધુ વિકાસ થાય અને દેશ તથા રાજયના અર્થતંત્રના વિકાસમાં સહભાગી બની શકે તે શુભ આશય સાથે રાજકોટ ખાતે ઓછામાં આછું ૨૫૦૦ ચો.મી.માં તમામ સુવિધાઓ સાથેનું MSME ભવન બનાવવું ખાસ જરૂરી છે. હાલમાં આવું MSME ભવન અમદાવાદ ખાતે કાર્યરત છે. રાજકોટ એ સૌરાષ્ટ્રનું પાટનગર હોય તેમજ આશરે ૨ લાખ ૧૧ હજાર રજીસ્ટર્ડ MSME ધરાવતું હોવાથી આ અંગે તાત્કાલીક ઘટતું કરવું.

**(૬)** રાષ્ટ્રિય તથા આંતરરાષ્ટ્રિય એકઝીબીશનોમાં ભાગ લેતા ઉદ્યોગકારોને MDA સ્કિમ અંતર્ગત ૫ લાખની સબસીડીની મર્યાદા ૩૦ લાખ સુધી વધારવી. તેમજ તમામ પ્રકારના થતા ખર્ચ ઉપર સહાય મળવાપાત્ર થવી જોઈએ. જેથી કરીને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વિકસીત ભારત ૨૦૪૭ અને ૫ ટ્રીલીયન ડોલર ઈકોનીમીને સાર્થક કરી શકાય તેમજ MSME નો વધુ ને વધુ વિકાસ થાય. વધુમાં MDA સ્કિમમાં અગાઉથી જ માન્ય એકઝીબીશોની યાદી જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા જાહેર થવી જોઈએ. જેથી ઉદ્યોગકારો જે તે માન્ય એકઝીબીશનમાં ભાગ લઈ શકે. સાથો સાથ હાલના જટીલ નિયમોને કારણે ઘણાં MSME એકમોને MDA સ્કિમની સહાય મળતી નથી. તો આ અંગે યોગ્ય કરવું.

**(૭)** ઔદ્યોગીક નીતિ–૨૦૨૨ અંતર્ગત ગુજરાત સરકારએ SGST ટેક્ષની જે સબસીડી જાહેર કરેલ છે. તેના સેંકશન અને કલેઈમની પ્રોસેસ હજુ સુધી અમલમાં આવી નથી. આ અંગે સત્વરે ઘટતું કરશોજી.

**(૮)** રાજકોટ ખાતે પ્લગ એન્ડ પ્લે ટાઈપની GIDC બનાવવી જેથી MSME ને તેમનો વ્યવસાય શરૂ કરવામાં સરળતા રહે.

**(૯)** નવી ઔદ્યોગીક નિતીમાં માત્ર મેન્યુફેકચરર એકમોને જ કેપીટલ સબસીડી અને ઈન્ટરેસ્ટ સબસીડી આપવામાં આવે છે, પરંતુ રાજકોટમાં સર્વિસ સેકટરનો વ્યાપ વધુ હોય તેમજ આ સેકટર મોટા પાયે રોજગારીનું સર્જન કરી રહયું હોય તેને પણ નવી ઔદ્યોગીક નિતીનો લાભ મળવો જોઈએ.

**(૧૦)** વન ડિસ્ટ્રીકટ વન પ્રોડકટ (ODOP) અંતર્ગત રાજકોટના એન્જીનીયરીંગ તેમજ એગ્રી પ્રોડકટ ઉદ્યોગોને વિશેષ પ્રકારની સબસીડી મળે તો રાજકોટનો એન્જીનીયરીંગ અને એગ્રી ઉદ્યોગ હજુ વિકસી અને એક્ષપોર્ટ હબ બની શકે.

**(૧૧)** રાજકોટ જીલ્લામાં MSME ઉદ્યોગોને કેન્દ્ર સરકારની ક્રેડીટ લીન્કડ કેપીટલ સબસીડી (CLCSS) તેમજ પ્રધાનમંત્રી એમ્પલોયમેન્ટ જનરેશન પ્રોગ્રામ (PMEGP) યોજનાના લાભો મળતા નથી. સમગ્ર ગુજરાતમાં રાજકોટ જીલ્લામાં આશરે ૧૨ થી ૧૫% MSME એકમો કાર્યરત છે. તેથી સત્વરે આ લાભો ફરી શરૂ કરવા ખાસ જરૂરી છે.

(૧૨) ઔદ્યોગીક નિતિ ૨૦૨૦ માં સમગ્ર ગુજરાત માંથી કવોલિટી સર્ટીફિકેશનમાં સહાય મેળવવા ગાંધીનગર ઉદ્યોગ ભવનમાં ઘણી ફાઈલો પેન્ડીંગ છે. આ પોલીસીમાં કોઈ નિર્ણય લેવાના વાંકે ઘણા સમયથી આ કાર્યવાહી ઠપ થઈ ગયેલ હોય. તો આ બાબતે તાત્કાલીક યોગ્ય કરવું.

(૧૩) સરકાર દ્વારા મોટી કંપનીઓને આકર્ષવા માટે જે સીંગલ વિન્ડો કલીયરન્સ અમલમાં છે. સમગ્ર ગુજરાતમાં રજીસ્ટર MSME આશરે ૨૦ લાખ ઉપરાંત રાજકોટમાં આશરે બે લાખથી વધ MSME રજીસ્ટર હોય અને સૌથી વધુ રોજગાર MSME પુરી પાડી રહયો હોવાથી રાજયના તમામ MSME નો સીંગલ વિન્ડો કલીયરન્સમાં સામવેશ કરવો. જેથી કરીને વહીવટી પ્રક્રિયામાં સરળતા રહે.

(૧૪) ગ્રામ્ય વિસ્તારમાં નવી થતી ઈન્ડસ્ટ્રીને હાલમાં સરકારશ્રી તરફથી ઘણાં ફાયદાઓ મળી રહયા છે. તેમ છતાં ગ્રામ્ય વિસ્તારને વધુ વિકાસશીલ બનાવવા માટે આવા ઉદ્યોગોને વધારાના ઈન્સેન્ટીવ આપવા જોઈએ. જેથી કરીને વિકાસની સાથે રોજગારીનું પણ સર્જન થઈ શકે. આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રજુ કરવામાં આવેલ વિવિધ પ્રશ્નો–સુચનો અંગે ઉદ્યોગ કમિશ્નરશ્રીએ હકારાત્મક અભિગમ દાખવી યોગ્ય નિરાકરણ લાવવા ખાત્રી આપેલ છે.

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, ડો.દર્શિતાબેન શાહ તેમજ અન્ય ઉદ્યોગકારોને સાથે રાખી ગાંધીનગર ખાતે રાજયના ઉર્જામંત્રીશ્રી કનુભાઈ દેસાઈજીની રૂબરૂ મુલાકાત લઈને નાના ઉદ્યોગકારોને પીજીવીસીએલએ ભાવ વધારા સાથે આપેલ બીલને અટકાવવા તથા અમલવારી મુલત્વી રાખવા ધારદાર રજુઆત કરવામાં આવેલ...**



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા તથા ડો.દર્શિતાબેન શાહને સાથે રાખી રાજયના માનનીય ઉર્જામંત્રીશ્રી કનુભાઈ દેસાઈજીની ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત લઈને ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ કે, હાલમાં પી.જી.વી.સી.એલ. કચેરી દ્વારા LT કનેકશન ધારાવતા નાના ઉદ્યોગો ઉપર ઈલેકટ્રીક બીલમાં પાછળથી જુન – ૨૦૨૪ થી જુન – ૨૦૨૫ સુધીનો પીક અવર્સના (એટલે કે સવારે ૭ થી ૧૧ અને સાંજના ૧૮ થી ૨૨ વચ્ચેના) LTMD પાવર વપરાશ ઉપર યુનિટ દીઠ–૪૫ પૈસાના વધારાનો ચાર્જ ગણી મસમોટા વધારાના બીલ ઈશ્યું કરેલ છે. આ વધારો ઉદ્યોગકારોને કોઈપણ જાતની અગાઉ જાણ કર્યા વગર અચાનક જ કરેલ હોય ઉદ્યોગકારોમાં ઘેરાશોક અને આઘાતજનક લાગણી પ્રસરી છે અને તેમા વિસંગતતા પણ ઉદભવી રહી છે. વધુમાં ૪૦ KVA ઉપરના કનેકશન ઉપર જે એવરેજ બીલ આપેલ છે તે ગેર વ્યાજબી છે. તેમજ હાલના એવા કોઈ મીટર નથી કે જે કલાકો–કલાકના મોનીટરીંગ કરી શકે. તેથી આ એવરેજ બીલના કારણે ઘણા નાના ઉદ્યોગોને હજારો રૂપીયાનું આર્થિક ભારણ ભોગવવું પડે તેમ છે. હાલ મંદીના માહોલમાં કેન્દ્ર તથા રાજય સરકાર દ્વારા MSME ઉદ્યોગોને ખુબ પ્રોત્સાહિત કરી રહી હોય ત્યારે આ નિર્ણય લેવો ખુબ જ અયોગ્ય લાગે છે. હાલમાં ઘણાં દેશોની અંદરો–અંદર લડાઈ ચાલી રહી છે. જેનાથી નાના ઉદ્યોગકારોના પૈસા ફસાયેલ હોય તેમજ ઘણાં ઓર્ડરો રદ થયેલ હોય આવી આ કપરી પરિસ્થિતીમાં આવા બિલો આપવા અયોગ્ય છે. તેવુ અમારૂ સ્પષ્ટપણે માનવું છે અને આ કોઈપણ સંજોગોમાં શકય બને તેમ નથી.

આ અંગે માનનીય ઉર્જામંત્રીશ્રી કનુભાઈ દેસાઈજીએ જણાવવેલ કે, ઉદ્યોગકારોને આવા બીલની ભરપાઈ કરવા માટે હપ્તાની વ્યવસ્થા કરી આપીએ. પરંતુ પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ જણાવેલ કે, વર્તમાન પરિસ્થિતી તથા હાલની મંદીના માહોલમાં હપ્તાની વ્યવસ્થા પણ ઉદ્યોગકારો માટે ફટકારરૂપ ગણાશે. અમારૂ એવું સ્પષ્ટપણે માનવું છે કે આવા બીલ રદ થવા જોઈએ. તેથી જયા સુધી આનું કોઈ નકકર નિરાકરણ ન આવે ત્યાં સુધી કોઈપણ સંજોગોમાં આ નિર્ણયની અમલવારી મુલત્વી રાખવી. તેમજ ઉદ્યોગકારોને આવા બીલ ભરપાઈ કરવાનું દબાણ કરવુ નહી. જેથી ખરા અર્થમાં રાજય સરકાર દ્વારા ઉદ્યોગકારોના હિતમાં નિર્ણય લીધેલ ગણી શકાય અને મંદીના માહોલમાં ઉદ્યોગકારો માટે એક આશાનું કિરણ બની રહેશે. તેવી ધારદાર રજુઆત કરવામાં આવેલ હતી.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ સાથે અન્ય હોદેદારો દ્વારા રાજયના માનનીય ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજીની રૂબરૂ મુલાકાત લઈને વેપાર–ઉદ્યોગકારો સાથે થઈ રહેલ છેતરપીંડીના નિરાકરણ માટે ફરીવાર ઓપન હાઉસ યોજવા રજુઆત કરવામાં આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા, માનદ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા, ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા તથા વ્યવસ્થાપક સમિતિ સભ્યશ્રી રાજેશભાઈ જુંજાએ રાજયના ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજીની રૂબરૂ મુલાકાત લીધેલ. આ મુલાકાત દરમ્યાન રાજકોટ ચેમ્બર દ્વારા રાજયની કાયદો–વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા તેમજ વેપાર–ઉદ્યોગકારો તથા પ્રજાની સલામતી અને સુખાકારીના કાર્યો માટે રાજકોટ ચેમ્બર હર હંમેશ સહયોગ આપી રહયું છે અને આપતું રહેશે.

વધુમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના નેજા હેઠળ અગાઉ સરકીટ હાઉસ–રાજકોટ ખાતે સને ૨૦૨૨ ના રોજ વેપાર–ઉદ્યોગકારો સાથે થયેલ છેતરપીંડી અને ફસાયેલ નાંણા પરત મળી શકે તે માટે ગૃહમંત્રીશ્રીની

અધ્યક્ષતામાં ઓપન હાઉસનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ગૃહ મંત્રીશ્રીએ તમામ વેપાર–ઉદ્યોગકારોને રજુઆત કરવાની તક આપી હતી અને તે ઓપન હાઉસ ખુબ જ સફળ બની રહયું હતું. તેમજ રાજકોટ શહેર અને જીલ્લાના પોલીસ અધિકારીશ્રીઓએ પણ ખુબ જ સરાહનીય કામગીરી કરેલ હતી. જેનાથી મહદઅંશે વેપાર–ઉદ્યોગકારોના ફસાયેલ નાંણા પરત મળી ગયેલ હતા.

સરકારશ્રી દ્વારા વેપાર–ઉદ્યોગોને ખુબ જ પ્રોત્સાહન આપી રહયું છે અને તેઓને પડતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા માટે હંમેશા પુરતો સહયોગ મળી રહયો છે. ત્યારે હજુ પણ ઘણા વેપાર–ઉદ્યોગકારોને તેમની સાથે થઈ રહેલી છેતરપીંડીની ફરિયાદો મળી રહી છે. તેથી આવી રજુઆતોનું યોગ્ય નિરાકરણ લાવવાના શુભ આશય સાથે ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજીની અધ્યક્ષતામાં રાજકોટ ખાતે અલગથી એક ફરીવાર ઓપન હાઉસનું આયોજન કરવા રજુઆત કરવામાં આવેલ હતી. જે અંગે ગૃહમંત્રીશ્રીએ જણાવેલ કે આપ કેહશો ત્યારે હું આવીશ અને રાજકોટ ચેમ્બરની સાથે મળી વેપાર–ઉદ્યોગકારોના પ્રશ્નોનું નિરાકરણ લાવીશું.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા એરપોર્ટ સલાહકાર સમિતિની મળેલ બેઠકમાં એરપોર્ટને લગતા વિવિધ પ્રશ્નોની રજુઆત કરવામાં આવી...





રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મુસાફરોને વધારે સારી એરલાઈન્સ સુવિધા મળી રહે તે માટે હેમંશા પ્રયત્નશીલ રહે છે. ત્યારે તાજેતરમાં માનનીય સંસદ સભ્યશ્રી પુરૂષોતમભાઈ રૂપાલાની અધ્યક્ષ સ્થાને હિરાસર ખાતે એરપોર્ટ સલાહકાર સમિતિની મિટીંગ મળેલ હતી.

જેમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના કારોબારી સભ્યશ્રી પ્રણવભાઈ ભાલાળા ઉપસ્થિત રહીને એરપોર્ટ સુવિધાને લગતા વિવિધ પ્રશ્નોની રજુઆત કરવમાં આવેલ હતી. જેમાં ખાસ કરીને નવા ટર્મીનલમાં મુસાફરો માટે પ્રાથમીક સુવિધાઓ તાત્કાલીક ઉપલબ્ધ કરાવવી. જેથી મુસાફરોને મુશ્કેલી ન પડે. તેમજ વાઈફાઈની સુવિધા આ મહિના

અંતમાં સુધીમાં શરૂ થઈ જશે, જયારે એન્ટ્રી અને એક્ઝીટ દરમ્યાન પાર્કિંગ માટેનો સમય વધારવામાં આવશે તેમજ મોબાઈલ નેટવર્કના પ્રશ્ન માટે ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. જેનું આગામી ટુંક સમયમાં નિરાકરણ આવી જશે. સાથો સાથ અગાઉ રાજકોટ ચેમ્બર દ્વારા એર કાર્ગોની સુવિધા શરૂ કરવા માટે પણ રજુઆત કરવામાં આવેલ હતી. જે ઓગષ્ટ માસના પ્રારંભમાં શરૂ થઈ જશે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, SIDBI તથા ECGC ના સંયુકત ઉપક્રમે "SIDBI અને ECGC ની વિવિધ યોજનાઓ" ની જાણકારી અંગે સેમીનારનું આયોજન કરવામાં આવ્યું....




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, SIDBI તથા ECGC ના સંયુકત ઉપક્રમે "SIDBI **અને** ECGC ની વિવિધ યોજનાઓ" ની જાણકારી અંગે સેમીનારનું આયોજન તા.૧૧–૦૭–૨૦૨૫, શુક્રવારના રોજ કરવામાં આવેલ. જેમાં પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ સૌને આવકારી રાજકોટ ચેમ્બર દ્વારા અવાર–નવાર વિવિધ પોલીસીઓ–સ્કીમો ઉપર નિઃશુલ્ક અવરનેશ સેમીનારો યોજવામાં આવે છે. રાજકોટ–સૌરાષ્ટ્રના ઉદ્યોગોનો વધુ વિકાસ થાય તે માટે રાજકોટ ચેમ્બર હંમેશા અગ્રેસર રહે છે. ત્યારે વેપાર–ઉદ્યોગકારોને કોઈપણ પ્રશ્નો–સુચનો હોય તો મોકલી આપવા. વિકાસીત દેશ કે વિકસીત રાજયમાં ઉદ્યોગોને વિકસાવવા ખુબ જ જરૂરી છે. ખાસ કરીને નિકાસને વધુ વેગ મળે તે માટે ECGC ની વિવિધ સ્કિમો ખુબ જ ઉપયોગી બની રહેશે. સાથો સાથ ઉદ્યોગોના વિકાસ માટે SIDBI ની પણ વિવિધ યોજનાઓ પણ ખુબ જ મહત્વપુર્ણ યોગદાન આપી રહયું છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વિકાસીત ભારત અને ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમીને સાર્થક કરવા હંમેશા અગ્રેસર રહીશું.

SIDBI ના જનરલ મેનેરશ્રી રીશી પાંડેએ જણાવેલ કે, ભારતભરમાં ગુજરાતના ઉદ્યોગોનું ખુબ જ મહત્વ છે અને રાજકોટ સૌરાષ્ટ્રનું મુખ્ય મથક ગણાય છે. જેમાં ખાસ કરીને ફાઉન્ડ્રી અને ફોર્જીંગ ઉદ્યોગો સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. MSME ને સપોર્ટ આપવા માટે SIDBI ની રચના કરવામાં આવેલ છે. આમ SIDBI ની વિવિધ સ્કિમોનો ખાસ લાભ લેવા

અનુરોધ કરવામાં આવેલ. ત્યારબાદ ECGC ના બ્રાન્ચ મેનેજરશ્રી બિજેન્દ્ર ત્રિપાઠીએ ECGC પોલીસી લેવાથી નિકાસકારોને ઘણો ફાયદો થશે અને નિકાસકારો વિના સંકોચે નિકાસ કરી શકશે. આમ ECGC ની વીમા પોલીસીઓ અને ઓનલાઈન સર્વિસનો લાભ લેવા જણાવેલ.

ECGC ના મેનેજરશ્રી અતુલ કુમારએ જણાવેલ કે, ECGC એ મુળભુત રીતે નિકાસને પ્રોત્સાહન આપતી સંસ્થા છે. જે દેશના નિકાસકારોને ક્રેડિટ વીમા કવર પુરા પાડીને તેમની સ્પર્ધાત્મકતા સુધારવાનો પ્રયાસ કરે છે. જેમાં ખાસ કરીને નિકાસ કરવામાં રહેલ જોખમ, ECGC નું મહત્વ, વિવિધ પોલીસીઓ જેવી કે, SCR, SEC, ETP, SSP, SBE, Stock Holding Agent, Global Entity, પોલીસીઓમાં શું કવર થશે અને શું ન કરવ થશે, પેમેન્ટ ટર્મ્સ, આ વીમા કવરમાં તમામ દેશોનો સમાવેશ, વીમાનો ક્લેઈમ કેવી રીતે કરવો, RBI Regularization રીકવરી, ઓવરડ્યુ, ઓનલાઈન પોર્ટલ વગેરે અંગે પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપેલ.

SIDBI ની ટીમ દ્વારા જણાવવામાં આવેલ કે, SIDBI એ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ (MSME) સેકટરને પ્રોત્સાહન, ધિરાણ અને વિકાસ માટે કાર્ય કરી રહયુ છે. જેની વિવિધ સ્કિમો જેવી કે, Digital MSME Credit, Express, Speed, Direct Credit, Sthapan, Swift, Working Capital, મહિલા ઉદ્યોગ સાહસિકો માટે Arjana, Saath, Ubharte Sitare, પ્રિવીલેજ કસ્ટમર સ્કિમ, એનર્જી ઈફીસીયન્સી, ગ્રીન ફાઈનાન્સ, MSME ગીફ્ટ સ્કિમ અને જીએસટી સહાય જેવા મુદાઓ પર પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપેલ. ત્યાર બાદ ઉપસ્થિત સભ્યો દ્વારા પુછાયેલ પ્રશ્નોના સંતોષકારક પ્રત્યુતર આપવામાં આવેલ. સમગ્ર સેમીનારનું સંચાલન રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ અને આભાર વ્યકત SIDBI ના ડેપ્યુટી જનરલ મેનેજરશ્રી ટીએસ સર્વનનએ કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા સ્વ. વિજયભાઈ રૂપાણીની સ્મૃતિને કાયમ રાખવા "રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ" ને "વિજયભાઈ રૂપાણી" નામકરણ કરવા માનનીય વડાપ્રધાન, ગૃહ અને સહકારીતા મંત્રી તથા નાગરીક ઉડયનમંત્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

ગત તા.૧૨ જુન ૨૦૨૫ ના રોજ અમદાવાદ થી લંડન જઈ રહેલ વિમાન ક્રેશની દુઃખદ દુર્ઘટના બની અને ગુજરાતની ધરતી પરની આ ગોઝારી ઘટનામાં ૨૬૦ થી વધુ લોકોના અકાળે અવશાન થયા જેનાથી સમગ્ર દેશ શોકમગ્ન થઈ ગયું. આ કરુણાંતીમાં વિમાનમાં લંડન જઈ રહેલા રાજયના પુર્વ મુખ્યમંત્રીશ્રી સ્વ. વિજયભાઈ રૂપાણીનું દુઃખદ અવશાન થયુ અને જાહેર જીવનમાં એક મોટા ગજાના નેતાની અણધારી વિદાયથી ન પુરી શકાય તેવી ખોટ પડી છે. ખાસ કરીને રાજકોટ–સૌરાષ્ટ્ર આ ઘટનાથી ખુબ હતપ્રભ થઈ ગયું.

રાજકોટના પનોતા પુત્ર એવા સ્વ. વિજયભાઈ રૂપાણીએ વર્ષ ૧૯૮૭ થી કોર્પોરેટર થી લઈને સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેન, મેયર, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ અને ગુજરાત ટુરીઝના ચેરમેન તરીકે કાબિલેતારીફ કામગીરી કરેલ, રાજય સભાના સભ્ય બનેલ, ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અને પ્રદેશ અધ્યક્ષ તરીકે આરૂઢ થઈ સહેલાઈથી "સૌના સાથ સૌના વિકાસ" સુત્રને ચરિત્ર કર્યું. ત્યારબાદ ૨૦૧૬ માં ગુજરાત રાજયના મુખ્યમંત્રીપદનો કાર્યભાર સંભાળી પોતાની કોઠાસુઝ અને કઠોર પરિશ્રમથી વિજયભાઈ રૂપાણી પોતાના સરળ અને સંવેદનશીલ સ્વભાવથી લોકોમાં અનેરી લોકચાહના હાંસલ કરી હતી.

તેઓશ્રીના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન રાજકોટને નવું બસપોર્ટ, એઈમ્સ, અટલ સરોવર, ન્યુ રેસકોર્ષ, નવી જીઆઈડીસી, ઓવરબ્રીજો, જેવા અનેકવિધ વિકાસકાર્યોની ભેટ અર્પણ કરી પોતાના માદરે વતન રાજકોટ પર અવિરત વહાલ વરસાવ્યું હતું. તેમજ "સૌની યોજના" દ્વારા સૌરાષ્ટ્રના ગામે ગામમાં પાણી પહોંચાડયું હતું અને સૌરાષ્ટ્રના તરસ્યા ડેમો નવપલ્લવિત થયા હતા અને ખેડુતો સમૃધ્ધ થયા અને સૌરાષ્ટ્રના સુકા પ્રદેશોમાં સૌની યોજનાના કારણે ચોતરફ હરિયાળી છવાઈ ગઈ હતી. સુજલામ–સુફલામ યોજના દ્વારા સૌરાષ્ટ્રભરના ગ્રામ–શહેરોને પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવી હતી. તેમજ લેન્ડગ્રેબીંગ કાયદો લાવીને રાજયમાં ભુમાફિયાઓમાં સોંપો પડાવી દીધો હતો. જનલક્ષી સુવિધાઓને વિકસાવવા માટે નગરપાલિકાઓમાં વિકાસના કામો માટે સ્માર્ટ ટાઉન મિશન દ્વારા ગુજરાત–સૌરાષ્ટ્રના નગરો–મહાનગરોના વિકાસને વેગવંતો બનાવી રાજયમાં પારદર્શી સુસાશન આપ્યું હતું. વધુમાં રાજકોટ–સૌરાષ્ટ્રના વેપાર–ઉદ્યોગકારોના દરેક પ્રશ્નોને વાચા આપવામાં પણ તેઓશ્રીએ પુરતો સહયોગ આપ્યો હતો. આમ સ્વ. વિજયભાઈ રૂપાણીની સાદગી, સરળતા અને સંવેદનશીલતા હરહંમેશ પ્રેરણારૂપ બની રહેશે. સ્વ. વિજયભાઈ રૂપાણીનું જાહેર જીવન સેવા અને સંગાઠનાત્મક કાર્યને સમર્પિત હતું. ગુજરાતની જનતા માટે સતત ચિંતાશીલ રહેલા તેમનું જમીન સાથે જોડાયેલ વ્યકિતત્વ અને સૌમ્ય સ્વભાવે તેમને લોકોમાં ખુબ જ પ્રિય બનાવ્યા હતા.

ત્યારે રાજકોટ સાથે સ્વ. વિજયભાઈ રૂપાણીનો નાતો અતુટ રહયો છે. તેથી સ્વ. વિજયભાઈ રૂપાણીની સ્મૃતિ લોકમાનસ તરીકે કાયમ રહે તેવા શુભ આશયથી હિરાસર ખાતે **"રાજકોટ ઈન્ટરનેશન એરપોર્ટ" ને "વિજયભાઈ રૂપાણી"** નામકરણ કરી તેમના પુણ્યશાળી આત્મને આદરાંજલી આપવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી, ગુહ અને સહકારીતામંત્રીશ્રી અમિતભાઈ શાહજી તથા નાગરીક ઉડયનમંત્રીશ્રી કે.રામમોહન નાયડુજી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નિકાસકારોને પ્રોત્સાહન આપતી Interest Equalization Scheme તાત્કાલીક ફરીથી શરૂ કરવા કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજી સમક્ષ રજુઆત કરવામાં આવી...

કેન્દ્ર સરકાર દ્વારા MSME ઉત્પાદક નિકાસકારો માટે નિકાસના પ્રિ અને પોસ્ટ શિપમેન્ટ પર Interest Equalization Scheme જાહેર કરવામાં આવેલ. જે અંતર્ગત નિકાસકારો દ્વારા કરવામાં આવેલ પ્રી અને પોસ્ટ શીપમેન્ટ નિકાસ માટે લેવાયેલ લોન અંતર્ગત વ્યાજ સહાય ચુકવવામાં આવે છે. આ સ્કિમ તા.૩૧–૧૨–૨૦૨૪ ના રોજ પુરી થઈ ગયેલ છે. ત્યારબાદ આ સ્કીમની સમય મર્યાદા વધારવામાં આવેલ નથી અને તા.૦૧–૦૧–૨૦૨૫ થી આ સ્કિમ સ્થગીત થઈ ગયેલ છે. જેના કારણે નિકાસકારોને ખુબ જ મુશ્કેલીઓ પડી રહી છે.

ખાસ કરીને હાલ વિશ્વસ્તરે ચાલી રહેલ યુધ્ધની પરિસ્થીતીના કારણે જો વૈશ્વીક તંગદીલીમાં કોઈ વધારો થશે તો નિકાસકારોને હવાઈમાર્ગે તથા સમુદ્રમાર્ગે નિકાસ કરવા માટે અત્યંત ઉચ્ચા ફ્રેટ રેટ ચુકવવા પડશે જેની સિધી અને અત્યંત ખરાબ અસર સમગ્ર નિકાસ સમુદાયને ભોગવવી પડશે. આથી નિકાસને વધુ વેગ મળે તે માટે Interest Equalization Scheme ને તાત્કાલીક પાછલી અસરથી એટલે કે તા.૦૧–૦૧–૨૦૨૫ થી અમલીકૃત કરવી તેમજ તે અંતર્ગત મળવાપાત્ર વ્યાજ સહાયની વર્તમાન મર્યાદા જે ૩% છે તેને વધારી ૬% કરી આપવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રીશ્રી પિયુષ ગોયેલજીને રજુઆત કરવામાં આવેલ છે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના હોદેદારો દ્વારા નવનિયુકત કલેકટરશ્રી ડો.ઓમ પ્રકાશની શુભેચ્છા મુલાકાત લઈ અભિનંદન પાઠવેલ...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, માનદ્ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા, ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ રાજકોટ જીલ્લાના નવ નિયુકત થયેલ કલેકટરશ્રી ડો. ઓમ પ્રકાશની શુભેચ્છા મુલાકાત લઈ અભિનંદન પાઠવેલ. સાથો સાથ આવનારા દિવસોમાં રાજકોટ શહેરના ઉદભવતા પ્રશ્નોને વાચા આપવા અને શહેરી વિકાસને વધુ વેગ મળે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સંપુર્ણ સાથ સહકાર આપતું રહેશે તેવી લાગણી વ્યકત કરેલ હતી.

************************************************

**As a part of our pivotal role for sustained solution of nuances and redressal of grievances of business community, we have made various representations to central Government, State Government, various Govt. offices, Hon. M.Ps. / M.L.As., Chambers, bureaucrats and so on. Some of the important, empathetic and attendable representations are as under.**

(1) We have represented to The Divisional Railway Manager, W.R. Rajkot for reinstatement of a pair of trains between Rajkot Junction – Jamnagar - Porbandar from 10.45 to 16.45 Hrs.

(2) Represented to Railway Ministry to fulfill A Semi-high-speed rail project to connect Ahmedabad and Rajkot at the earliest.

(3) Interest Equalization Scheme is a government initiative that provides interest subvention and plays pivotal role to boost the Exporters to avail of Rupee Export Credit. This scheme was ended on 31st December 2024. We have emphasisingly represented to The Comm. Minister, Govt. Of India for continuation of this scheme.

(4) We have represented to The Govt. Of Gujarat, Managing Director, GUVNL etc. to provide connectivity to both the applicants registered under GREP-2023 and DREBP in respect of renewable projects registered under different policies.

(5) The Customs department has established a "Watchdog Committee" to address procedural issues and enhance dialogue with trade and industry representatives. Shri Parthivkumar Ganatra, Vice President, RCCI is the member of this precious Watchdog Committee and attends its meetings accordingly. We have emphasisingly represented to carry out the Examination process at terminals only and containers selected for checking purpose should be sent in same vessel. We have also represented to regulate higher Terminal Handling Charge to leverage some monetary relaxation to Exporters.

(6) We have represented for change in Notice Period for pre-matured termination of 11 KV Hybrid Agreement in respect of 11 KV Hybrid RE Projects engaged in third party sale of Electricity.

(7) Export Community is facing various types of dire grievances and adversities such as (i) Extension of Interest Equalization Scheme which has already ended on 31st December, 2024 (i) Extending benefit to Entrepreneurs having purchased old machinery (iii) Govt. EDPMS for Exporters and IDPMS for Importers track every transaction. But Importers & Exporters themselves cannot see their own transactions in this portal. They should be enabled to check it. (IV) We have advocated to provide some comprehensive measures to boost Exports and strengthen trade competitiveness i.e. covering of range of policy reforms, infrastructural improvement, extending financial aid for taking part in Exhibitions, Seminars, Trade-fairs organized abroad. (V) Execution of Foreign Trade Agreements (FTAs) with North African countries like Morocco, Egypt, Algeria etc. (VI) In case of some Merchanting Trade Transactions(MTTs) goods physically not enter into the Indian Territory. In such cases the entire transaction system should be eased in the best interest of Exporters.

(8) We have represented some severe and dire grievances being faced by the Agriculture industry mainly engaged in manufacturing of equipments mainly used for supplying water for irrigation like Rotavators etc. which were taxed GST at 5% in past and now has ought to be taxed at 12%. We have firmly represented for NIL rate applicability of GST.

(9) We have been constantly approached and apprised the Government for providing of ample land for various industrial as well commercial developments of Rajkot and surround areas.

(10) We had sternly represented for extension of time limit for Income Tax Audit 2025. The specified date for furnishing of report of audit under the provisions of the Act for the Previous Year 2024-25 (Assessment Year 2025-26) has been extended to 10th November, 2025 in terms of clause (ii) of Explanation to section 44AB of the Income-tax Act, 1961.

(11) 24x7 Emergency Help line for Exporters is one of the most needed requirements. We have emphasisingly represented to establish such help line along with four related features. We hope for the same in nearer future.

(12) We had observed some differences in rates of GST in respect of Solar based devices and systems. We have represented to the CGST authority for conveyance of clear and perfect guidance regarding applicability of GST on Solar based devices and systems for the entire state as a whole.

(13) Exporters are facing severe financial crises due to pendency of IGST refunds. We have stressingly represented to the Customs Authorities for the earliest refunds thereof.

(14) GST on some of Agricultural Products / Essential Items pertinent Agricultural Industry have been enhanced from 12% to 18%. We have emphasisingly represented to for immediate reduction of GST with due arguments and Examples as such have also provided complete list of various agricultural products and items.

(15) We had been approaching constantly to the Govt. of India and Aviation Authority for providing of Two Daily flight in morning session from Rajkot to Delhi. Our representations have been taken positively and accordingly the said flights have started so far.

(16) Providing of daily international flight from Rajkot – Dubai – Rajkot is the most attendable demand of the entire business community and general public of Rajkot. We have emphasisingly represented in this regard and expect positive consideration thereof.

(17) So many tax payers have notices under section 74 of The CGST / SGST Act, 2017. Differentiate code of HSN (Harmonized System of Nomenclature) is the main reason for such notices and that without any malafide intension. This was highly objectionable and we have rightly approached all the concerned authorities in this regard and represented strongly for redressal of severe grievance of tax payers.

******************************

# GST ની કલમ ૭૪ હેઠળ આવેલ તાજેતરના ત્રણ મહત્વના ચુકાદાની છણાવટ

આપણે જાણીએ છીએ કે જીએસટી કાયદામાં કલમ ૭૩ અને કલમ ૭૪ ની બે જુદી જુદી જોગવાઈ કરવામાં આવેલ છે અને જો ઈરાદાપુર્વક કે કપટપુર્વક કંઈ ખોટું કરેલ ના હોય તો તે અંગેનો આદેશ કલમ ૭૩ હેઠળ કરવામાં આવે છે. જયારે કોઈ વ્યકિત કે વેપારી દ્વારા ઈરાદાપુર્વક કોઈ ક્ષતિ કરેલ હોય તો તેનો આદેશ કલમ ૭૪ હેઠળ કરવામાં આવે છે. બંને કલમ હેઠળ દંડ કરવાની જોગવાઈઓ પણ અલગ અલગ છે. અત્યાર સુધી બંને કલમ મુજબ આદેશ કરવાને સમય મર્યાદા જુદી જુદી હતી. અત્યાર સુધી કલમ ૭૩ હેઠળ આદેશ કરવા માટે ત્રણ વર્ષ અને કલમ ૭૪ હેઠળ આદેશ કરવા માટે પાંચ વર્ષ મળતા હતા. નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ ની અમલી કલમ ૭૩ અને કલમ ૭૪ ને બદલે કલમ ૭૪A દાખલ કરવામાં આવેલ છે અને હવે તે મુજબ નોટીસ આપવા માટે ૪૨ મહિનાનો સમય મળે છે અને ત્યારબાદ આદેશ કરવા માટે બાર મહિનાનો સમય મળીને કુલ ૫૪ મહિનાનો સમય મળે છે.

અત્યાર સુધીમાં કલમ ૭૩ ને લગતા કુલ ૪૮૨ કોર્ટ કેસો થયેલ છે જયારે કલમ ૭૪ ને લગતા કુલ ૩૫૯ કેસો થયેલ છે. બંને કલમોના શબ્દો વચ્ચે તફાવત જોઈએ :

Section 73 - Determination of tax, pertaining to the period up to Financial year 2023-24, not paid or short paid or erroneously refunded or input tax credit wrongly availed or utilised for any reason other than fraud or any wilful-misstatement or suppression of facts.

Section 74 - Determination of tax, pertaining to the period up to Financial year 2023-24, not paid or short paid or erroneously refunded or input tax credit wrongly availed or utilised by reason of fraud or any wilful misstatement or suppression of facts.

આમ આપણને ખ્યાલ આવે છે કે કલમ ૭૪ હેઠળ કાર્યવાહી કરવા માટે વેપારીનો ઈરાદો જોવામાં આવે છે. જો તેના દ્વારા ઈરાદાપુર્વક કોઈ બાબત છુપાવવામાં આવેલ હોય અથવા ખોટું રિફંડ લેવામાં આવેલ હોય કે પછી ખોટી વેરા શાખ લેવામાં આવેલ હોય અથવા ખોટું નિવેદન કરવામાં આવેલ હોય તેવા કેસોમાં કલમ ૭૪ હેઠળ તેમની સામે પગલા લઈ શકાય છે. તાજેતરમાં નામદાર અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા M/s. Varanasi Sangam Expressway Pvt. Ltd. Thru. Authorized Person Mr. Ramdat Pareek... Peririoner(s) VS Commissioner of State Tax, Commercial Tax Head Office, Vibhuti Khand, Gomti Nagar, Lko. And Another WRIT Tax No.-1028 of 2025 કેસમાં તારીખ : ૧૭–૦૯–૨૦૨૫ ના રોજ ચુકાદો આવેલ છે. જે મુજબ વેપારીના કિસ્સામાં બદઈરાદો પુરાવાર થતો ન હોય તેથી નામદાર કોર્ટે વેપારીની તરફેણમાં ચુકાદો આપેલ છે.

સામાન્ય રીતે માત્ર નોટીસના આધારે અપીલ થઈ શકતી નથી. પરંતુ આ કેસમાં અધિકારી દ્વારા કલમ ૭૪ હેઠળ ઈશ્યું કરવામાં આવેલ કારણદર્શક સુચનાને પડકારવા માટે રીટનો રસ્તો અપનાવવામાં આવેલ હતો. કલમ ૭૪ ની જોગવાઈઓ મુજબ વેપારીનો ઈરાદો કરચોરીનો હોય તો તે નોટીસમાંથી સ્પષ્ટપણે દેખાવો જોઈએ પરંતુ આ કેસમાં નોટીસ ઉપરથી વેપારીનો બદઈરાદો પુરવાર થતો ન હતો.

કેસ ૨ : M/s. Safecon Lifescience Private Limited... Petitioner(s) vs Additional Commissioner Grade 2 And Another WRIT TAX No.-389 of 2023, નામદાર અલ્હાબાદ હાઈકોર્ટનો તારીખ : ૦૯–૦૯–૨૦૨૫ નો ચુકાદો.

વિગતો : પીટીશનર કંપનીનો મુખ્ય ધંધો તમામ પ્રકારની દવાઓ અને ફાર્મા પ્રોડકટ હોલસેલની રીતે વેચવાનો છે. આ કંપનીએ મહારાષ્ટ્રની એક કંપની મેસર્સ યુનીમેકસ ફાર્મા કેમ પાસેથી કેટલીક દવાઓ ખરીદેલ. કંપનીએ જયારે ખરીદી કરેલ હતી ત્યારે સપ્લાયરનો જીએસટી નોંધણી દાખલો અમલમાં હતો. ખરીદી વખતે ટેકસ ઈનવોઈસ, ઈ–વે બિલ અને બિલ્ટી ઉપલબ્ધ હતી. ખરીદી બેંક બેન્કીંગ ચેનલ મારફતે કરવામાં આવેલ અને સપ્લાયર દ્વારા જીએસટીઆર–૧ અને જીએસટીઆર–૩બી પણ ભરવામાં આવેલ છે. અધિકારી દ્વારા વેપારીને કલમ ૭૪ હેઠળ કારણદર્શક સુચના આપવામાં આવેલ અને જણાવવામાં આવેલ કે મહારાષ્ટ્રના સપ્લાયર દ્વારા પોતાનો નોંધણી દાખલો રદ કરાવવામાં આવેલ હોઈ પીટીશનર કંપનીએ જે વેરા શાખ લીધેલ છે તે મળવાપાત્ર નથી. અધિકારી દ્વારા એવો આક્ષેપ કરવામાં આવેલ હતો કે પીટીશનર કંપની દ્વારા ખરેખર કોઈ માલની ખરીદી કરવામાં આવેલ નથી. આ કારણ દર્શક સુચનાના અનુસંધાને પીટીશનર કંપની દ્વારા તમામ પુરાવા સહિત જવાબ કરવામાં આવેલ હતી. અધિકારીએ આદેશ પસાર કરતા પીટીશનર કંપનીએ પ્રથમ અપીલ ફાઈલ કરેલ હતી.

કંપનીએ કોર્ટમાં પોતાની રજુઆતમાં તારીખ ૧૩–૧૨–૨૦૨૩ ના પરિપત્રનો પણ આધાર લેવામાં આવેલ હતો અને વિનંતી કરવામાં આવેલ હતી કે કલમ ૭૪ હેઠળ ત્યારેજ કાર્યવાહી હાથ ધરી શકાય જયારે કોઈ ઈરાદાપુર્વકની કરચોરી કરવામાં આવેલ હોય. વધુમાં કંપની દ્વારા કોર્ટ સમક્ષ પોતાની રજુઆતમાં Writ Tax No.743/2023 M/s. Khurja Scrap Trading Company vs. Additional Commissioner Grade 2 (Appeal) and Other (2025& AH 151783) ના ચુકાદાનો આધાર પણ લેવામાં આવેલ હતો. ડિપાર્ટમેન્ટ તરફથી એવું કહેવામાં આવ્યું કે પીટીશનર કંપનીએ જે મે. યુનીમેકસ ફાર્મા કેમ પાસેથી ખરીદી કરેલ છે તે સપ્લાયરનો જીએસટી નંબર ઘણા સમય પહેલા રદ થયેલ છે તેથી આ ખરીદી ખોટી જણાય છે.

(અધિકારી જે ડોકયુમેન્ટ ઉપર આધાર રાખતા હોય તેની નકલ વેપારીને પુરી પાડવાની રહે અને વેપારીએ તેના અનુસંધાને જવાબ કરવાનો રહે તેમજ અધિકારીએ તેઓને રૂબરૂ પણ સાંભળવાના રહે.)

નામદાર કોર્ટે નોંધ્યું કે એક વખત પીટીશનર તરફથી માલની મુવમેન્ટના તમામ દસ્તાવેજો આપીને તે ખરી છે તેવું પુરવાર કરેલ છે તેના અનુસંધાને ડિપાર્ટમેન્ટ તરફથી કલમ ૭૪ હેઠળ કાર્યવાહી કરવા માટેના કોઈ કારણો આપવામાં આવેલ ન હોઈ તે કાર્યવાહી યોગ્ય જણાતી નથી. વધુમાં પ્રથમ અપીલ અધિકારીએ માત્ર પોતાના ઉપરી તરફથી મળેલ માહિતીના આધારે અપીલ નકારેલ જણાય છે. મેસર્સ યુનીમેકસ ફાર્મા કેમ, જેણે પીટીશનર કંપનીને માલ સપ્લાય કરેલ છે તેની કોઈ અનિયમિતતા નોંધઘવામાં આવેલ નથી. તારીખ ૧૩–૧૨–૨૦૨૩ ના પરિપત્ર મુજબ બહુ સ્પષ્ટ છે કે કલમ ૭૪ હેઠળની કાર્યવાહી ત્યારે જ હાથ ધરી શકાય જયારે ઈરાદાપુર્વકની કરચોરી હોય. જે આ કેસમાં જણાતી નથી.

કેસ ૩ : અન્ય એક કેસમાં તારીખ ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ Chetak Motors Pvt. Ltd. And Others vs. Additional Commissioner (Anti-Evasion) CGST, Delhi South Commissionerate & Another, W.P. (C) 14127/2025, CM APPL.57995/2025 ના કેસમાં આવેલ ચુકાદામાં ડિપાર્ટમેન્ટ તરફી નિર્ણય આવેલ છે.

જેમાં નામદાર દિલ્હી હાઈકોર્ટે જણાવેલ છે કે કલમ ૭૪ હેઠળ ઈશ્યું કરવામાં આવેલ નોટીસમાં ક્ષતિ સંબંધિત તમામ વાજબી વિગતો દર્શાવવામાં આવેલ હોઈ રીટ તબકકે આ નોટીસને રદ કરી શકાય નહી.

સુનાવણી દરમ્યાન નામદાર કોર્ટે નોંધ્યું કે કારણદર્શક સુચનાના પેરેગ્રાફ પાંચમાં કલમ ૭૪ હેઠળ કેમ કાર્યવાહી કરવામાં રહેલ છે તેના સ્પષ્ટ કારણો જણાવવામાં અવેલ છે. જે પૈકીના કેટલાક મુખ્ય કારણો આ પ્રમાણે છે.

- "the notice has wilfully not paid the tax and availed ineligible/excess ITC in their GSTR-3B and did not reverse the same"

- "not-reversal of ineligible ITC availed in the aforesaid manner was never voluntarily divulged by the notice in their GSTR-3B as mandated under Rule 42 & 43 of the GST Act, 2017, but the same were detected/unearthed during investigation at the time of the inspection proceedings and by investigation of their records/documents etc. which otherwise, would not have come to the notice of the department."

ઉપરાંત, નોટીસમાં અધિકારીએ જણાવેલ છે કે કંપનીના ડાયરેકટરે કલમ ૭૦ હેઠળના પોતાના નિવેદનમાં કબુલ કરેલ છે કે તેઓની કંપની દ્વારા માફી માલના અનુસંધાને જે વેરા શાખ રિવર્સ કરવાની હતી તે કરેલ નથી. આમ, વેપારીના પક્ષે ઈરાદાપુર્વક ખોટું કરવામાં આવેલ છે તેવું સાબિત થઈ જાય છે. નામદાર કોર્ટે પોતાના ચુકાદામાં વધુમાં જણાવેલ કે અધિકારી જે ડોકયુમેન્ટ ઉપર આધાર રાખતા હોય તેની નકલ વેપારીને પુરી પાડવાની રહે અને વેપારીએ તેના અનુસંધાને જવાબ કરવાનો રહે તેમજ અધિકારીએ તેઓને રૂબરૂ પણ સાંભળવાના રહે.

# કામચલાઉ રિફંડ આપવા બહાર પડેલી સુચનાઓ

CGST કાયદાની કલમ ૫૪(૬) માં જયારે ઝીરો રેટેડ સપ્લાય હોય ત્યારે કુલ રિફંડના દાવાના ૯૦% રિફંડ કામચલાઉ ધોરણે ચુકવવાની જોગવાઈ છે. GST કાઉન્સીલની ૫૬મી છેલ્લી મિટીંગમાં ઝીરો રેટેડ સપ્લાયની જેમ જ ઈન્વર્ટેડ ડયુટી સ્ટ્રકચરના સંજોગોમાં પણ ૯૦% લેખે કામચલાઉ રિફંડ આપવા ભલામણ કરવામાં આવેલ હતી. આ માટે કાયદામાં કરવા જરૂરી સુધારા સંસદ દ્વારા હવે પછીના ફાઈનાન્સ એકટ મારફતે અને જે તે રાજયની વિધાનસભા દ્વારા તેમના રાજયના GST કાયદામાં હવે પછી કરવામાં આવશે. આ કાયદાકીય સુધારા કરવામાં સમય જાય તેમ છે અને ત્યાં સુધી વેપારની સુગમતા માટે વચગાળાના પગલાં તરીકે કેન્દ્ર સરકારે તા.૧–૧૦–૨૦૨૫ થી ઈન્વર્ટેડ ડયુટી સ્ટ્રકચરને કારણે માગવામાં આવેલ રિફંડના ૯૦% રિફંડ ઝીરો રેટેડ સપ્લાયના કેસોની જેમ જ કામચલાઉ રીતે આપવાનું નકકી કરેલ છે. આ માટે નિયમ ૯૧ માં સુધારો કરવામાં આવ્યો છે અને જે ચીજોને આવા ત્વરીત કામચલાઉ રિફંડનો લાભ મળવાપાત્ર નથી તેનું જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું છે. આ સુધારા તા.૧–૧૦–૨૦૨૫ થી અમલમાં આવેલ છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસીસ એન્ડ કસ્ટમ્સની GST પોલિસી વિંગ દ્વારા તા.૩–૧૦–૨૦૨૫ ના રોજ કામચલાઉ રિફંડ આપવા માટે સુચના નંબર ૦૬/૨૦૨૫–GST બહાર પાડવામાં આવેલ છે. આ સુધારા અને સુચનાઓની માહિતી આજના લેખમાં આપી છે.

# નિયમમાં સુધારો

કામચલાઉ રિફંડ ચુકવવા માટે GST નિયમ ૯૧ છે તેના પેટા નિયમ ૨ ને બદલીને એવી જોગવાઈ કરવામાં આવી છે કે સિસ્ટમ મારફતે જોખમોની ઓળખ અને મુલ્યાંકનના આધારે જો ઈલેકટ્રોનિક કેશ લેજરને લગતું રિફંડ મેળવવા અરજી કરવામાં આવી હોય તો તેવી અરજી મળ્યાની FORM GST RED 02 માં આપવામાં આવેલ પહોંચની તારીખ અને જયારે ઈલેકટ્રોનિક કેશ લેજર સિવાયના રિફંડના દાવા માટે કરવામાં આવેલ રિફંડની અરજી અધિકારીને સંપુર્ણ લાગે તો તે માટે FORM GST RED 02 માં આપવામાં આવેલ પહોંચની તારીખથી ૭ દિવસથી વધુ નહીં તેટલા સમયમાં FORM GST RED 04 માં આદેશ કરીને યોગ્ય અધિકારી દ્વારા કામચલાઉ રિફંડ આપવામાં આવશે. આ નિયમના પરંતુક દ્વારા એવો અપવાદ ઠરાવવામાં આવેલ છે કે કારણોની લેખિત નોંધ કરીને અધિકારી કામચલાઉ રિફંડ આપવાના બદલે નિયમ ૯૨ અનુસાર અંતિમ રિફંડ ચુકવતો આદેશ કરી શકશે.

# કામચલાઉ રિફંડ મળવાપાત્ર નથી તેવી વ્યકતિઓ

GST કાયદાની કલમ ૫૪(૬) હેઠળ સરકારને જાહેરનામાં દ્વારા તેમાં નિર્દિષ્ઠ નોંધાવેલ વ્યકિતને કામચલાઉ રિફંડ મળવાપાત્ર નથી તેવું ઠરાવવાની સતા છે. આ સતાનો ઉપયોગ કરીને સરકાર દ્વારા તા.૧–૧૦–૨૦૨૫ થી અમલમાં આવે તે રીતે નોટિફિકેશન નંબર ૧૪/૨૦૨૫ (Central Tax) તા.૧૭–૯–૨૦૨૫ ના રોજ બહાર પાડવામાં આવેલ છે. જેમાં નીચેની વ્યકિતઓને કામચલાઉ રિફંડ ન આપવાનું ઠરાવવામાં આવેલ છે.

(૧) કલમ ૨૫(૬D) અનુસાર જેઓને જરૂરી નથી તે સિવાયની તમામ નોંધાયેલ વ્યકિત કે જેમાં માલિકી, ભાગીદારી પેઢીના કોઈ એક ભાગીદાર, હિંદુ અવિભકત કટુંબના કર્તા, કંપનીના મેનેજીંગ ડિરેકટર અથવા પુરા સમયના ડિરેકટર, એસોસિયેશન ઓફ પર્સન કે બોડી ઓફ ઈન્ડિયિડયુલ કે સોસાયટીની મેનેજીંગ કમિટીના સભ્ય, ટ્રસ્ટ બોર્ડ ઓફ ટ્રસ્ટીના સભ્ય કે અધિકૃત સહીકર્તા કે જેઓએ નિયમ ૧૦બી હેઠળ આધાર ઓથેન્ટિકેશન કરાવવું જરૂરી છે પરંતુ આવું આધાર ઓથોન્ટિકેશન કરાવ્યું હોય.

(૨) નીચેની ચીજ–વસ્તુઓના સપ્લાયની કામગીરમાં સંકળાયેલ વ્યકિતઓ

| ચેપ્ટર / હેડિંગ / સબ હેડિંગ / ટેરિફ આઈટમ | માલનું વર્ણન |
|---|---|
| ૦૮૦૨૮૦ | સોપારી |
| ૨૧૦૬૯૦૨૦ | પાન મસાલા |
| ૨૪ | તમાકુ, ઉત્પાદિત તમાકુના વિકલ્પો |
| ૩૩૦૧ | એસેન્શિયલ ઓઈલ |

# કામચલાઉ રિફંડ માટે અપનાવવાની પ્રક્રિયા

તા.૩–૧૦–૨૦૨૫ ની સુચના અનુસાર કામચલાઉ રિફંડ આપવા માટે અધિકારીએ નીચે જણાવેલ પ્રક્રિયા અનુસરવાની રહેશે.

(૧) નિયમ ૯૧(૨) માં કરવામાં આવેલ સુધારા તા.૧–૧૦–૨૦૨૫ થી અમલમાં આવેલ છે અને તેથી કામચલાઉ રિફંડ આપવાની જોગવાઈ તા.૧–૧૦–૨૦૨૫ કે તે પછી દાખલ કરવામાં આવેલ રિફંડની અરજીને લાગુ પડશે.

(૨) રિફંડની અરજીની FORM GST RED 02 માં પહોંચ આપવા માટે તેમજ .FORM GST RED 03 માં ડિફિન્સિઅન્સી મેમો આપવા માટે પ્રવર્તમાન માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે. આ આપવા માટેની પ્રવર્તમાન સમય મર્યાદાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) જે રિફંડની અરજીઓને સિસ્ટમ દ્વારા જોખમના મુલ્યાંકનના આધારે "LOW RISK" તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ હોય તેને ધ્યાનમાં લેવાનું રહેશે અને આવા કેસોમાં રિફંડના દાવાના ૯૦% રિફંડ કામચલાઉ ધોરણે ચુકવવાનું રહેશે.

(૪) એ બાબતનું ધ્યાન રાખવાનું રહેશે કે એક વખત FORM GST RED 02 માં પહોંચ આપવામાં આવે ત્યાર બાદ જે રિફંડની અરજીઓ "LOW RISK" તરીકે વર્ગીકૃત થયેલ હોય તેની ચકાસણી કરવાની રહેશે નહીં સિવાય કે નિયમ ૯૧(૨) ના પરંતુક મુજબ કારણોની લેખિત નોંધ કરીને અધિકારી કામચલાઉ રિફંડ આપવાને બદલે નિયમ ૯૨ અનુસાર રિફંડની અરજીની ચકાસણી કરીને રિફંડનો અંતિમ આદેશ કરવાનું નકકી કરે.

(૫) જે રિફંડની અરજીઓ સિસ્ટમ દ્વારા "LOW RISK" તરીકે વર્ગીકૃત થયેલ ન હોય તે અરજીઓ અંગે કામચલાઉ રિફંડ આપવાનું રહેશે નહીં પરંતુ આવા કેસોમાં વિસ્તૃત વિશ્લેષણ કરીને પ્રવર્તમાન માર્ગદર્શિકા અનુસાર રિફંડ ચુકવવાની કાર્યવાહી કરવાની રહશે.

## કામચલાઉ રિફંડ કયારે ન આપી શકાય ?

જયારે કોઈ વ્યકિત રિફંડ મેળવવા હકકદાર હોય પરંતુ GST કાયદા હેઠળનું પત્રક ભરવામાં તેણે કસુર કરેલ હોય અથવા કાયદા હેઠળ તેની સામે માગણું ઉપસ્થિત થયેલ હોય અને તેવું માગણું ઉપસ્થિત કરતા આદેશ સામે અપીલ કરવાની છેલ્લી તારીખ સુધીમાં અપીલ કરવાની છેલ્લી તારીખ સુધીમાં અપીલ અધિકારી, ટ્રિબ્યુનલ કે કોર્ટ દ્વારા વસુલાત સામે મનાઈ હુકમ અપાયેલ ન હોય તો જયાં સુધી તે વ્યકિત પત્રક ભરે નહીં અથવા ચુકવવાપાત્ર રકમ ભરે નહીં ત્યાં સુધી તેને મળવાપાત્ર રિફંડ અધિકારી કલમ ૫૪(૧૦) હેઠળ રોકી રાખી શકશે નહીં અથવા તેવી વ્યકિતએ GST કે અગાઉના કાયદા હેઠળ ભરવાપાત્ર પણ ભરેલ ન હોય તેટલી રકમ રિફંડની રકમમાંથી ઓછી કરી શકશે. આ ઉપરાંત જયારે રિફંડ મળવાપાત્ર હોય તેવા આદેશ સામે અપીલ કે અન્ય કાયદા હેઠળની અન્ય કોઈ કાર્યવાહી પડતર હોય અને કમિશનરને એમ માનવાને કારણ હોય કે જો રિફંડ ચુકવવામાં આવશે તો તે રાજયની આવકને નુકશાન પહોંચાડી શકે તેમ છે તો તે વ્યકિતને સાંભળવાની તક આપ્યા બાદ તેમને યોગ્ય લાગે તે સમય સુધી કલમ ૫૪(૧૧) હેઠળ રિફંડ રોકી રાખી શકે છે. એવી સુચના આપવામાં આવેલ છે કે કામચલાઉ રિફંડને આ સતાનો ઉપયોગ કરીને રોકી રાખી શકાય નહીં અને તેથી આવા કેસોમાં કામચલાઉ રિફંડ આપવાના બદલે અંતિમ રિફંડ મંજુર કરીને તેમાંથી જરૂરી રકમ વસુલવાની રહેશે જયારે અગાઉની રિફંડની અરજી અંગે કોઈ પ્રશ્ન અપીલ ફોરમ સમક્ષ પડતર હોય અથવા કારણદર્શક નોટિસ બજાવવામાં આવેલ હોય અથવા આદેશ પસાર કરવામાં આવેલ હોય પરંતુ તેનું અંતિમ પરિણામ ન આવેલ હોય ત્યારે પણ કામચલાઉ રિફંડ આપવાનું રહેશે નહીં. આમ છતાં એવી સ્પષ્ટ સુચના આપવામાં આવી છે કે વેપારની સવલત માટે કામચલાઉ રિફંડની નિયમમાં જોગવાઈ કરવામાં આવી છે અને આથી નિમય ૯૧(૨) ના પરંતુક હેઠળ કામચલાઉ રિફંડ ન આપવાની સતાનો અધિકારીએ મર્યાદિત ઉપયોગ કરવાનો રહેશે અને શંકાસ્પદ કારણોના આધારે ચકાસણીની કાર્યવાહી કરવાના બહાના હેઠળ કામચલાઉ રિફંડ નામંજુર કરી શકાશે નહીં.

# વિવિધ ડિસ્કાઉન્ટ પર GST ની ગણતરી

ભારતના GST કાયદા હેઠળ સપ્લાય વેલ્યુ નક્કી કરવું એ સૌથી મહત્વનું પાસું છે. ઘણી વખત વેપારીઓ ગ્રાહકોને ડિસ્કાઉન્ટ આપે છે. વિવિધ પ્રકારના ડિસ્કાઉન્ટ પ્રચલિત છે જેમ કે પ્રોમ્પ્ટ પેમેન્ટ પર ડિસ્કાઉન્ટ, ટ્રેડ ડિસ્કાઉન્ટ, ફેસ્ટિવ ઓફર, કોમ્બો ઓફર વગેરે. પ્રશ્ન એ ઉભો થાય છે કે આ પ્રકારના ડિસ્કાઉન્ટ પર GST કેવી રીતે ગણવો ? GST ક્ષેત્રમાં Post-sale Discounts / Secondary Discounts એ ઘણાં વર્ષોથી પડકારરૂપ મુદો રહો છે. વ્યાપારી વ્યવહારો અને GST ડિપાર્ટમેન્ટ વચ્ચે સતત વિવાદ થતા, ૫૬મું જીએસટી કાઉન્સીલ સંમેલન ત્યાનું નિયત પ્રમુખ પાસ પડાવવા માટે અનુરોધ કર્યો. તેનું પરિણામ છે Circular 251/08/2025-GST (૧૨ સપ્ટેમ્બર ૨૦૨૫). આજના લેખમાં તેની ચર્ચા કરવામાં આવી છે.

### કાયદાકીય પૃષ્ઠભુમિ

કલમ ૧૫(૩) અનુસાર જો સપ્લાય પહેલાં અથવા સપ્લાય સમયે ડિસ્કાઉન્ટ આપવાનું નક્કી કરવામાં આવ્યું હોય, અને તે ઈન્વોઈસમાં સ્પષ્ટ દર્શાવવામાં આવ્યું હોય, તો તે વેલ્યુમાંથી ઘટાડવામાં આવી શકે છે. પરંતુ પોસ્ટ–સેલ–ડિસ્કાઉન્ટ માટે ફક્ત એ જ સ્થિતિમાં ઘટાડો થઈ શકે જો Recipient એ તો Proportionate ITC રીવર્સ કરી હોય.

નાણાંકીય/કોમર્શીયલ ક્રેડિટ નોંધો CBIC એ સ્પષ્ટ કર્યું કે જો Supplier એ Financial અથવા Commercial Credit Note જારી કર્યું હોય અને તે ક્રેડિટ નોટમાં ટેક્સ કંપોનન્ટ ન હોય, તો સપ્લાયરને આઉટપુટ ટેક્ષ લાયાબિલિટી ઘટાડવાની પરવાનગી ન મળે. પરિણામે Recipient ને તે Discount ના પ્રમાણે ITC રીવર્સ કરવાની જરૂર નથી, કારણ કે મુળ ટ્રાન્ઝેકશન વેલ્યુ અને ટેકસ લાયાબિલિટી અસંશોધિત રહે છે.

ઉત્પાદક દ્વારા તેના ડિલર/વિતરકને આપવામાં આવી વેચાણ પછીની ડિસ્કાઉન્ટને ડીલર દ્વારા અંતિમ ગ્રાહકોને તેના દ્વારા ઉતપાદીત માલના સપ્લાય માટેના નાણાકીય મુલ્ય તરીકે, ડીલર દ્વારા અંતિમ ગ્રાહકોને આપવામાં આવતી ચુકવણી તરીકે ગણવામાં ન આવે તે બાબતે સ્પષ્ટતા કરવામાં આવે છે. જો ઉત્પાદક અને અંતિમ ગ્રાહક વચ્ચે કોઈ પ્રત્યેક્ષ કરાર ન હોય, તો ઉત્પાદકથી વેપારી અને વેપારીથી ગ્રાહક એ બે અલગ ટ્રાન્ઝેકશન છે અને તે મુખ્ય–થી–મુખ્ય આધાર પર છે. આ સ્થિતિમાં ઉત્પાદક દ્વારા આપેલો ડિસ્કાઉન્ટ માત્ર વેચાણ કીંમત ઘટાડો છે, તે કોઈ ડિસ્કાઉન્ટ ને વધારાની અવેજરૂપે ગણવામાં ન આવે. પરંતુ જો ઉત્પાદક અને અંતિમ ગ્રાહક વચ્ચેનો કરાર હોય અને ડિસ્કાઉન્ટનો નિર્ધારણ ગ્રાહક કરાર વિનિયોગ હોય (જેમ કે ઉત્પાદક એ ડીલરને નિવેદન આપે છે કે એ વસ્તુ ડિસ્કાઉન્ટ પર આપે છે), તો તે ડિસ્કાઉન્ટ એ ડીલર દ્વારા ગ્રાહકને સપ્લાય માટે પ્રરિત કરે છે અને તે Consideration માં સમાવિષ્ટ થશે.

ડિસ્કાઉન્ટ ને સેવા રૂપે ગણવાની પરિસ્થિતિ જો ડિલર માત્ર વેચાણ પ્રોત્સાહન માટે સામાન્ય રીતે પોસ્ટ–સેલ ડિસ્કાઉન્ટ મેળવે છે અને એના માટે કોઈ અલગ પ્રોમોશનલ કામ ન કરતું હોય, તો એ ડિસ્કાઉન્ટએ વસ્તુની વેચાણ કિંમત ઘટાડે છે અને તે સેવાની સપ્લાયરૂપે ગણાતી નથી. પરંતુ જો ડિલર એ Advertising, Co-branding, Display drive અથવા Customer Support Service જેવી સેવા અલગ એગ્રીમેન્ટ અનુસાર આપે છે અને મેન્યુફેકચર એ માટે સ્પષ્ટ Consideration નિર્ધારીત કર્યું હોય, તો એ ડિસ્કાઉન્ટ એ સેવાની સપ્લાયરૂપે ગણાશે અને તે પર GST લાગશે.

**:: GET COO THROUGH RCCI ::**

**RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY**

# RCCI is Authorised to Issue Non Preferential Certificate of Origin

(Public Trade Notice No.18, Dt.14-6-2002 of DGFT, Govt. of India, Ministry of Commerce & Industry, New Delhi)



- One of the First body in Saurashtra to migrate to the new DGFT COO Portal : www.trade.gov.in
- Dedicated COO staff to support queries, technical obstacles and DGFT related queries.
- Instant and timely service with less waiting period for both manual as well as online COOs.
- E-wallet facility is available for exporters to issue COO through RCCI on DGFT's website.
- COO issued by RCCI are accepted by all the countries in the world.
- COO Issued online are QR-coded to authenticity.



## આધુનિક સુવિધા સજ્જ

# કોન્ફરન્સ હોલ

**કોન્ફરન્સ હોલ ભાડે રાખવાના દર નીચે મુજબ છે.**
**તેમા લાઈટ, પંખા, સફાઇ તેમજ માઈક ચાર્જ સામેલ છે.**




| વિગત | અર્ધો દિવસ | આખો દિવસ |
|---|---|---|
| સમય | ૪ કલાક | ૮ કલાક |
| હોલ બુકીંગના દરઃ સભ્યો માટે | ૨૦૦૦ | ૪૦૦૦ |
| અન્ય માટે | ૨૫૦૦ | ૫૦૦૦ |
| ડિપોઝીટની રકમ | ૭૦૦૦ | ૧૦,૦૦૦ |

- એ.સી. વપરાશ માટેનો ઈલેકટ્રીક ચાર્જ યુનિટ દીઠ ચાર્જ રૂા. ૧૫ છે.
- પ્રોજેકટરનું ભાડું રૂા.૧૫૦૦ (અર્ધા) રૂા.૩૦૦૦ (આખા) દિવસ માટે થશે.
- કુલ હીસાબ પર ૧૮% GST અલગથી લેવાશે.

*વધુ માહિતી માટે ચેમ્બરની એડમીન ઓફિસમાં સંપર્ક કરવા વિનંતી.*

**:: Registered Office ::**

Centre Point, 1st Floor, Karansinhji Road, Rajkot-360001
**Phone :** 0281-2227400, 2227500 | **Fax :** 0281-2230824 | **M :** 7383127400
**E-mail :** rajkotchamber@yahoo.co.in | **Web :** www.rajkotchamber.com